રસમય
નિતિકથા.

ભાગ ૧ લો.

લખનાર,
માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ.
સદરબજાર-કડી-ગુજરાત.

પ્રકાશક.
નુરમહમદ મુસાભાઈ.
સદરબજાર-કડી-ગુજરાત.

આવૃતિ ૨ જી. પ્રત ૧૦૦૦.
સને ૧૯૧૧ સંવત ૧૯૬૭

અમદાવાદ.
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કિંમત રૂ. ૦—૬—૦

રસમય

નિતિકથા.

ભાગ ૧ લો.

લખનાર,

માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ.

સદરબજાર–કડી–ગુજરાત.

પ્રકાશક.

નુરમહુમદ મુસાભાઈ.

સદરબજાર–કડી–ગુજરાત.

આવૃતિ ૨ જી. પ્રત ૧૦૦૦.

સને ૧૯૧૧ સંવત ૧૯૬૭

અમદાવાદ.

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કિંમત રૂ. ૦—૬—૦

૭૮૬

અર્પણપત્રિકા.

મહેરબાન, જનાબ ફ્જલખાં લાલખાં
પઠાણ સાહેબ,
વડોદરા રાજ્યના ઉર્દુ એજ્યુ. ઈન્સ્પેક્ટર સાહેબ.
નિ. બોરસદ.

મહેરબાન સાહેબ,

આપ ઇસલામી કોમના ઉચ્ચ કેળવણી પામેલા ગ્રેજ્યુએટ હોઇ, અધમાવસ્થાએ પુગતા ઈસલામીઓના શ્રેય માટે તન મનથી મદદ કરો છો તેની નિશાની તરીકે આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તેનો સ્વીકાર કરી ઉપકૃત કરશો એવી આશા છે.

તાબેદાર
નુરમોહંમદ મુસાભાઈ.
સદર બજાર—કડી.

મહેરબાન ફજલખાં લાલખાં પઠાણ સાહેબનું
ટુંક જન્મ વૃત્તાંત.

એવણુ સાહેબનો જન્મ ઓરસદમાં તા. ૪ જુલાઈ સન ૧૮૮૨ ના રોજ થયો હતો. સાત વર્ષની વય થયે તળની ઉર્દુ શાળામાં દાખલ થયા અને ત્યાં ૪ થા ધોરણમાં ચ્હડ્યા પછી થોડી મુદત રહી, ગુજરાતી શાળામાં દાખલ થયા. ત્યાં ૫ મા ધોરણમાં ઉપલા નંબરે પાસ થઇ ઇનામ મેળવ્યું. અને ૬ ઠા ધોરણમાં એક માસ રહી ત્યાંની મીશન એંગ્લો વર્નાક્યુલર સ્કુલમાં દાખલ થયા અને તેજ અરસામાં નડીયાદમાં લેવાતી મીડલ સ્કુલ સ્કોલરશીપની પરીક્ષા પસાર કરી મહોમેડન સ્કોલરોને અપાતી સ્કોલરશીપ મેળવી ત્યાર પછી બીજા એકજ વર્ષમાં ત્રીજુ તથા ચોથું ધોરણ પુરૂં કર્યું. તેવણે ચોથા ધોરણમાં સેકન્ડ લેન્ગ્વેજ પરસીયન લીધું હતું પરંતુ પરસીઅન ટીચર નહીં હોવાથી તેનો પોતે જાતેજ અભ્યાસ કરતા હતા. અને બીજા વિધાર્થીઓને પણ કરાવતા હતા. ત્યાંથી પાંચમું ધોરણ પસાર કરી નડીયાદ હાઇસ્કુલમાં ધોરણ ૬ માં દાખલ થયા ત્યાં પણ મોટી સંખ્યા છતાં ઉપલે નંબરે ઉતર્યા હતા. ત્યારબાદ અમદાવાદની ગુ. કોલેજમાં દાખલ થઈ પ્રીવીયસમાં દાખલ થયા હતા અને તે ધોરણ પણ પહેલે વર્ષેજ પસાર કર્યું હતું. એ પછી તેમના પીતાશ્રી મરણને શરણ થવાથી પોતાની સદાની જુદાઇના સમાગમમાં પડવાથી શીક પડયા હતા અને તેને લીધે ઇન્ટરમાં પહેલે વર્ષે પાસ થઇ શક્યા નહોતા, પછી વડોદરા કોલેજમાં દાખલ થયા હતા ત્યાં ઇન્ટર અને બી. એ ની પરીક્ષાઓ પસાર કરી હતી. (સન ૧૯૦૪)

ગુજરાત કોલેજમાં કોલેજ બોર્ડ સ્કોલરશીપ અને કાજી શાહબુદ્દીન સ્કોલરશીપો મળી હતી, વડોદરા કોલેજમાં પણ

કાજી શાહબુદ્દીન સ્કોલરશીપ અને શ્રીમંત સયાજીરાવ સ્કોલરશીપો મેળવી હતી. અને ઇન્ટરની છમાસીક પરીક્ષામાં પારિતોષીક મલ્યું હતું.

પીતાના ગુજર્યા પછી તેઓ સાહેબના નાના બાપાજી વેખાં અવેજખાં જમીનદારના ત્યાં રહી બી. એ ની ડીગ્રી મેળવી હતી. અભ્યાસ વખતે તેમના મામા મર્હુમ જમીયતખાને અરબી, ફારસી અને ઉર્દુનું ઉંચું જ્ઞાન પ્રાપ્ત થાય તેવી સહાય કરી હતી. બીજા તેમના મામા જે હાલ અમદાવાદ કોલેજમાં છે તે મે. સમશેરખાં પણ વખતો વખત અભ્યાસમાં મદદ આપતા હતા.

તેમની બાહોશી અને હુશીઆરી માટે બોરસદ મીશનના પાદરીઓ મેસર્સ રોબર્ડ બોયડ, રોબર્ડ હંડરસન તેમના ઉપર ઘણોજ પ્રેમ રાખતા.

બી. એ. થયા બાદ સન ૧૯૦૫ માં બ્રિટીશ સરવીસમાં દાખલ થયા મુંબઇના કસ્ટમ હાઉસમાં, સુરત હાઇસ્કુલમાં અને રેવન્યુ ખાતામાં નીમણુંકો થઇ હતી અને તે દરેક જગાએ થોડી થોડી મુદ્દત નોકરી કરી હતી. પરંતુ તે પછી કેટલાંક કારણસર તેમને વડોદરા રાજ્યમાં નોકરી માટે દાખલ થવાની ફરજ પડી તેથી પ્રથમ તેઓ અમરેલી હાઇસ્કુલમાં પરસીઅન ટીચર, તરીકે નીમાયા પરંતુ થોડાજ વખતમાં સરકારખર્ચે પીડે ગૅાજીનુ શીક્ષણુ મેળવવા મદ્રાસ મોકલવામાં આવ્યા ત્યાંથી આવ્યા પછી સન ૧૯૦૭ માં એલ. ટી.ની ડીગ્રીની પરીક્ષા પાસ કરી અને તેના બીજાજ મહીને ડભોઇ વિભાગ ડે. એજ્યુ. ઇન્સ્પે. તરીકે નીમણુંક થઈ અને તે પછી તુરત ઉર્દુ ડેપ્યુટી તરીકે નિમાઇ તા૰ ૨૩-૧૦-૧૯૦૭ થી આખા રાજ્યના ઉર્દુ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તરીકે નીમાયા છે જે હાલ ચાલુ છે.

રસમય નીતિ કથા.

રાતનું વાળુ કર્યા પછી કૃષ્ણલાલ નામનો ગ્રહસ્થ પોતાના કુટુંબ સાથે બેઠો હતો ! અને સર્વને તે દિવસના નવા જુની વાતો સંભળાવતો હતો. એવામાં વિલાસચંદ્ર નામનો તેનો પુત્ર બોલી ઉઠયો ! " પરમ પૂજ્ય પિતાશ્રી ! આવી આવી વાતોમાં અમને કાંઇ રસ પડતો નથી ! પરંતુ કાંઈ રસ ઉપજે એવી સારી વાતો કહો તો મજા પડે ! " કૃષ્ણલાલે કહ્યું " વિલાસચંદ્ર ! ત્હારૂં કહેવું યથાર્થ છે, છોકરાંને વાર્તાઓનો ઘણો શોખ હોય છે તે હું સારી પેઠે સમજુ છું. તમોને ઉપયોગી થઇ પડે તેવી કેટલીક સારી વાર્તાઓ મ્હને આવડે છે. જો તમો દરરોજ વાળુ કર્યા પછી આ પ્રમાણે મારી પાસે આવીને બેસશો તો હું તે કહીશ "

પાસે બેઠેલા, ત્રણ પુત્ર અને બે પુત્રીઓ મલી પાંચે જણાં બોલી ઉઠયાં " શિર છત્ર પિતાશ્રી! હમોને વાર્તાઓનો ઘણો શોખ છે, તેથી હમો આપની પાસે વાળુ કર્યા પછી બેશીશું; પણ અત્યારેજ વાર્તાનું મંડાણ કરોતો ઠીક."

કૃષ્ણલાલે પોતાના ફરજંદોની માગણી સ્વીકારી અને તેજ વખતે વાર્તા કહેવી શરૂ કરી.

રજની ૧ લી.

પ્રભુ ઉપર આસ્થા રાખવી.

" એક ગરીબ બ્રાહ્મણ હતો તે દરરોજ પ્રભાતમાં ન્હાઇને એકદમ એક હજાર રૂપીઆ લેવા પ્રભુ પાસે દીનવાણીથી યાચના કરતો. તેને પુરી આસ્થા હતી કે પ્રભુ તેની

માગણી સ્વીકાર્યા વિના રહેશે નહી. આ બ્રાહ્મણના ઘરની જોડાજોડ એક ગ્રહસ્થ રહેતો હતો; તે નાસ્તીક હતો. જ્યારે બ્રાહ્મણ પ્રભાતમાં ઉઠીને પ્રભુની પ્રાર્થના કરતો; ત્યારે આ ગ્રહસ્થ પોતાની પથારીમાં પડયો પડયો બ્રાહ્મણ ઉપર ચીડાઇ જતો. કોઇ વખત તો તેને પોતના સન્મુખ બોલાવીને ઠપકો પણ દેતો અને મશ્કરી પણ કરતો કે; મહારાજ તમારા પ્રભુએ રૂપીઆ આપ્યા કે ? આ કરતાં તો રોજ સવારમાં ઉઠીને મારૂં નામ લેતા હોત તો હું કાંઇક આપત. ગરીબ બીચારો બ્રાહ્મણ આ સઘળુ સહન કરતો. હવે એવું બન્યું કે; એક દિવસે પ્રભાતમાં ઉઠીને નિત્ય નિયમ પ્રમાણે પોતાની પ્રાર્થના શરૂ કરી " હે પ્રભુ ! હે દિનાનાથ ! ઘણા દીવસ થયા; હવે તો કૃપા કર, અને મુજ શેવકની અરજ સ્વીકાર ! એક હજાર રૂપીઆ આપ ! એક હજારમાં એક પણ ઓછો હશે તો હું લેનાર નથી. "

આ વખતે પેલો ગ્રહસ્થ પથારીમાં પડયો પડયો સઘળુ સાંભળતો હતો તેનું બ્રાહ્મણના છેલ્લા શબ્દો તરફ લક્ષ ખેંચાયું; અને બ્રાહ્મણ હજારમાંથી કંઇ ઓછું લે છે કે નહી તેની ખાત્રી કરવા તેનું મન લલચાયું, તેથી તેણે પથારીમાંથી ઉઠી નવસો રૂપીઆની એક થેલી લઇ ગુપ્તપણે બ્રાહ્મણના ઘરમાં હડસેલી દીધી ને શું થાય છે તે જોવા ગુપ્ત રીતે એક ઠેકાણે ઉભો રહયો. થેલી નજરે પડતાંજ બ્રાહ્મણે ઉપાડી લીધી અને તેમાંના રૂપીઆ ગણી જોયા તો પુરા નવસો થયા. સો રૂપીઆં ઓછા છે તો લેવા કે નહીં તેનો પ્રશ્ન ઉઠયો; પણ જેણે નવસો આપ્યા તે બાકીના સો કેમ નહીં આપે ? એ વીચાર આવતાં તે રૂપીઆ થેલીમાં પાછા ભરીને ઠેકાણે મુકવા ચાલ્યો; એટલામાં પેલો સંતા-

એવો ગ્રહસ્થ હાય મારતો દોડયો આવીને બ્રાહ્મણને વળગી પડી કહેવા લાગ્યો. " અરે, લુચ્ચા ! રૂપીઆ તો મારા છે; એતો મેં તારી ઇમાનદારી જોવા માટે મુકયા હતા. મેં ધાર્યું કે પુરા હજારનો લેનાર તું કાંઇ ઓછું લે છે કે નહીં ? આ તો તું ઠગારો નીકળ્યો ! " પરંતુ શરીરે પુષ્ટ અને રૂપીઆ માટે મરણીઓ થએલો બ્રાહ્મણ તેનાથી ન ડર્યો તેણે એક ધક્કો મારી ગ્રહસ્થને બહાર કાઢયો. આથી તે બન્ને જણા વચ્ચે તકરાર ઉઠી તેમાં પણ ગૃહસ્થ ફાવ્યો નહીં. આથી આખરે હારીને તેણે બ્રાહ્મણને ઇન્સાફ માટે ન્યાયાધિશ પાસે જવા માગણી કરી. બ્રાહ્મણે તે વાત કબુલ કરી; પણ એક વાંધો નાંખ્યો કે " તું ગ્રહસ્થાવસ્થામાં છે, અને હું કંગાળ અવસ્થામાં છું માટે ન્યાયાધિશ ત્હારા લાભમાં ઉતરે એ દેખીતુંજ છે. પરંતુ જો તું મ્હને તારા જેવોજ પોશાક અને બેસવા ઘોડો આપતો હોય તો હું આવવા તૈયાર છું. પથ્થર તળે હાથ આવેલો જાણી ગ્રહસ્થે એ વાત પણ કબુલ કરી, અને પોતાના જેવોજ ઘોડો અને પોશાક ઘેરથી બ્રાહ્મણને આપ્યો.

આ પછી બન્ને જણાં ન્યાયાધિશ આગળ ગયા, ને ગ્રહસ્થે પોતાની ફરીઆદ રજુ કરી. ન્યાયાધિશે બ્રાહ્મણને પુછ્યું " મહારાજ ! આ શેઠ શું કહે છે ? "

" સાહેબ ; આ માણસ કેટલાક દીવસથી દીવાનો થઇ ગયો છે; તેથી તે મારા ગળે પડે છે; પુછો એને કે આ ઘોડો કોનો છે ? " બ્રાહ્મણે ઘોડા તરફ આંગળી કરતાં કહ્યું. ઘોડો પોતાનો હોવાથી ગ્રહસ્થ બોલી ઉઠયો. " હા; સાહેબ એ ઘોડો મારો છે; મેં એને બેસવા આપ્યો છે.

બ્રાહ્મણે કહ્યું " જુઓ સાહેબ વળી હમણાં કહેશે કે; મેં પહેરી તે પાઘડી પણ મારી છે; પાઘડી પણ પોતાનીજ હોવાથી ગ્રહસ્થે કહ્યું સાહેબ પાઘડી પણ મારીજ છે, એની નથી;

વળી બ્રાહ્મણે પોતે પહેરેલા જોડા બતાવતાં પુછ્યું. " ત્યારે તો આ જોડા પણ તારાજ હશે ! " જોડા પણ પોતાનાજ હતા એટલે ગ્રહસ્થે કહ્યું " જોડા પણ મારાજ છે. "

આ પ્રમાણે બ્રાહ્મણે પોતે એ પહેરેલી શિખાથી તે પગ સુધી દરેક ચીજ બાબત પૂછ્યું; તેના જવાબમાં તે મારૂં છે એમ દરવખતે પેલે ગૃહસ્થે જાહેર કર્યું. ન્યાયાધિશની ખાત્રી થઇ કે નક્કી તે દીવાનો થઇ ગયો છે; અને નકામો બ્રાહ્મણને ગળે પડે છે. તેથી ન્યાયાધિશે ધક્કા મરાવી કાઢી મુકયો અને બ્રાહ્મણને રજા આપી કચેરીમાંથી બહાર નીકળ્યા પછી રસ્તે ચાલતાં બ્રાહ્મણે ગૃહસ્થની બાજુએ રહી ને કહ્યું, કેમ સાહેબ ! મારા પ્રભુની કુદરત તમે જોઇ ? તું મશ્કરી કરતો હતો તેણે તારી પાસેથીજ મને રૂપીઆ અપાવ્યા અને વળી સો રૂપીઆ ઓછા હતા તેટલાનો માલ (ઘોડો પોશાક વિગેરે) મને તેના ઉપર આસ્થા હતી તો ઘર બેઠે તારીજ પાસેથી મોકલાવ્યા.

આ સાંભળી દાઝયા ઉપર ડામ પ્રમાણે ગ્રહસ્થને દુઃખ થયું, તે શરમીંદો થઇ પોતાની મુર્ખાઇ માટે મનમાં અત્યંત પસ્તાવો કરતો ચુપચુપ ઘેર ગયો.

સાર.

આ ઉપરથી સમજવાનું કે—પ્રભુ સર્વ સ્થળે હાજર અને નજર છે । તેના ઉપર પુર્ણ આસ્થા રાખી કામ કરવામાં આવે તો તેમાં નિશ્ચય ફલિભુત થવાય છે; ગ્રહસ્થને

પોતાની મુંબાઇ માટે અને બ્રાહ્મણને પોતાની આસ્થા માટે જે ફળ મળ્યું તે આપે જોયું, દરેક મનુષ્યે પ્રભુ ઉપર આસ્થા રાખવી જોઇએ.

ધીરજ હીંમત ધારતાં, રાખી પ્રભુ વિશ્વાસ;
કરતાં ઉદ્યમ ખંતથી, નક્કી ફળે મન આશ.

રજની ૨ જી.

સત્ય બોલનાર સદા સુખી છે.

ગઇ રાતના ઠરાવ પ્રમાણે સઘળાં ઘરનાં માણસો કૃષ્ણલાલને ઘેરીને બેઠા, શેઠે વાર્તા કહેવી શરૂ કીધી.

"મણીપુર નગરમાંથી વિશ્વાસદાસ અને લોભીદાસ નામે બે વણીક મીત્રો દરિદ્રતાના લીધે પ્રદેશ ધનસંપાદન માટે ગયા હતા. લોભીદાસ દુષ્ટ બુદ્ધિનો ને પાપી હતો, વિશ્વાસદાસ ભોળો અને વિશ્વાસુ હતો, કેટલેક વર્ષે તેઓ પ્રદેશ ખાતેથી અધિક ધન મેળવીને પાછા ફર્યા રસ્તામાં લોભીદાસની બુદ્ધિ ભ્રષ્ટ થઇને તેઓ પોતાના નગર નજીક આવી પહોંચ્યા એટલે લોભીદાસે કહ્યું. મિત્ર! આટલું સઘળુ ધન ઘેર લઇ જવું ને ઠીક નહીં; કારણકે આપણા શત્રુઓની, આટલું દ્રવ્ય જોઇ દાનત બગડે તો તે કોઇ વખત પ્રસંગ સાધીને ચોરી જાય તે માટે અહીંઆં આ જંગલમાં ધન દાટી જરૂર પડતું સાથે લઇ જવું તે મને શ્રેષ્ટ લાગે છે; પછી જરૂર પડશે તેમ આપણે બન્ને સાથે આવીને લઇ જઇશું." વિશ્વાસદાસે કહ્યું "ત્યારે ભાઇ એમ કરો:" પછી બંને જણાએ થોડું થોડું ધન લઇ બાકીનું ત્યાંજ દાટી દીધું ને પોતાના ઘેર ગયા. આ પછી એક દીવસે લોભીદાસ અર્ધ રાત્રીએ ઉઠીને પેલું દાટેલું

ધન લઇ આવ્યો અને તેને બીજે દીવસે વિશ્વાસદાસ આગળ જઇને કહેવા લાગ્યો છે "ભાઇ! મારે હવે ધનની જરૂર પડી છે; માટે ચાલો પેલું ધન લઇ આવીએ" વિશ્વાસદાસે આ વાત કબુલ કરી ને પછી બંને જણાએ વનમાં જઇને પેલી જગ્યાએ જોયું તો ત્યાં ધન મળે નહી: એટલે લોભીદાસ રડવા તથા માથું કુટવા લાગ્યો, તથા કહેવા લાગ્યો કે વિશ્વાસદાસ! આ સઘળું ધન તુંજ લઇ ગયો છે. માટે તેમાંથી તું મને અર્ધ ભાગ આપ; આથી વિશ્વાસદાસને ઘણોજ ક્રોધ ચઢયો અને કહયું "ઓ દુષ્ટ બુદ્ધિ લોભીદાસ, એવું મારા માથે ખોટું આળ મુકમ. હું કદી અસત્ય ચાલતોજ નથી. આપણે જે દિવસે ધન દાટી ગયા હતા તે પછી આ સ્થળે હું અત્યારેજ આવ્યો છુ આ પ્રમાણે તે બંને જણા વાદવિવાદ કરતા ન્યાયસભામાં ગયા અને રાજા આગળ પોતપોતાની હકીકત નિવેદન કરી. રાજાએ વિશ્વાસદાસને પુછ્યુ; "આમાં તારો કોઇ સાક્ષી છે? વિશ્વાસદાસે જવાબ આપ્યો "મહારાજ! પ્રભુ સિવાય મારો કોઇ સાક્ષી નથી." આ પછી લોભીદાસને પુછતાં તેણે જણાવ્યું કે; "ગરીબ પરવર! સત્યવાદીને સાક્ષીની ખોટ શી? જો હું સત્ય બોલતો હઇશ તો દરેક પ્રાણી અથવા પદાર્થ મારી સાખ પુર્યા શિવાય રહેશે નહીં માટે આપને વિનંતી કરૂં છું કે અમોએ જે ઠેકાણે ધન દાટયું હતું તે ઠેકાણાના વૃક્ષોને પૂછો એટલે તે જે સત્ય હશે તે કહી આપશે; અને સાચા જુઠાની ખાતરી થઇ જશે. આથી રાજાએ તે બંનેને સવારમાં પેલા વનમાં હાજર થવાની તાકીદ આપીને રજા આપી. લોભીદાસ ત્યાંથી નીકળી બારોબાર એક મીત્ર પાસે ગયો અને તેના ખોળામાં માથું મુકી કહેવા લાગ્યો કે, "મિત્ર, મૃત્યુ હવે નજીક

આવ્યું છે; જો તું મને મદદ કર નહી તો આવતી કાલે સર્વના દેખતાં આખી આલમના ફિટકાર વચ્ચે મારૂં મૃત્યુ થશે." મિત્રે કહ્યું "એવું શું છે ભાઇ. ઝટ કહી દે, લોભીદાસ બોલ્યો "મિત્ર, મારૂં તથા વિશ્વાસદાસનું જંગલમાં દાટેલું ધન મેં ચોરી લીધું છે, તેમ છતાં આરોપ મેં તેના માથે ઓઢાડયો છે, તે બાબતની સાક્ષી તે વનમાં વૃક્ષો આપશે એવું મેં રાજા આગળ કહ્યું છે; તેથી આવતી કાલ સવારે રાજા ત્યાં કચેરી ભરી વૃક્ષદેવતાઓને પુછશે. માટે તું તે પહેલાં જઇને ત્યાં આગળ એક પોલો મહુડો છે તેમાં સંતાઇ રહેજે અને રાજા પુછે તે વખતે કહેજે કે તે સઘળું ધન વિશ્વાસદાસ લઇ ગયો છે આટલું કહી લોભીદાશ પોતાના ઘેર ગયો. બીજે દિવસે દરબાર ભરાય તે પહેલાં તેનો મિત્ર પેલા વનમાં જઇને એક મહુડાની પોલમાં સંતાઇ બેઠો.

સવાર થતાં લોભીદાસ નાહી ધોઈ ટીલાંટપકાં તાણી, રાજાના અધિકારીઓ સાથે વનમાં ગયો, ને પેલા મહુડાના ઝાડ પાસે જઇને કહેવા લાગ્યો કે; હે વૃક્ષદેવતા! તમો સઘળા મનુષ્યોનાં આચરણો જાણો છો, તો અમારા બેમાં જે ચોર હોય તેનું નામ દો. તે સાંભળી મહુડામાં ભરાઇ બેઠેલો તેનો મિત્ર લાંબા રાગડે બોલ્યો; "હે રાજા! ધન વિશ્વાસદાસે ચોરેલું છે અને બિચારો લોભીદાસ કેવળ નિર-દોષ છે: આ સભળી સઘળા આશ્ચર્ય ચકિત થયા અને રાજા ધન ચોરવાના વાંક માટે વિશ્વાસદાસને મોટી શીક્ષા કરવાનો વીચાર કરવા લાગ્યો; એટલામાં વિશ્વાસદાસે મહુડા ઉપર તેલ છાંટી સળગાવી દીધો. લોભીદાસના મિત્રે તેમાં બચવા તથા ગુપ્ત રહેવા ઘણાય પ્રયત્ન કર્યા પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહીં, ને ઉલટો દાઝીને રાડો પાડીને

બહાર નીકળ્યો; તેને જોઇને રાજાએ પુછ્યું તું કોણ છે? સાચું બોલ નહીં તો અવળી ઘાંણીએ પીલાવીને તેલ કઢાવીશ" આથી તે ઘણો બીનો ને લોભીદાસનું સઘળું પોગળ ત્યાં કહી દીધું. તે સાંભળી રાજાને ઘણોજ ક્રોધ ચઢયો; તેથી સઘળું ધન વિશ્વાસદાસને અપાવી પાપી લોભીદાસને ફાંસીને માંચડે લટકાવી દીધો.

સાર.

આ ઉપરથી સમજવું કે:—લુચ્ચા મનુષ્યો પારકાને દુ:ખ દેવામાં પાછી પાની કરતા નથી. પરંતુ તેમાં આખરે પોતાનોજ નાશ થાય છે. તેનો દાખલો લોભીદાસનાં કૃત્યો પુરો પાડે છે; વિશ્વાસદાસની હકીકત ઉપરથી ધડો લેવાનો છે કે કોઇપણ સદકાર્યમાં હીમત નહી છોડતાં મંડયા રહેવાથી તેમાં પરિણામે જય પ્રાપ્ત થાય છે: જે વખતે વિશ્વાસદાસ ઉપર ચોરીનું તહોમત સાબીત થયું તે વખતે જો તેણે હિમત મુકી દીધી હોત અને સમય સુચકતા વાપરી ના હોત તો તેનું દ્રવ્ય જાત આખી આલમમાં ચોર ઠરત, અને રાજા તરફથી શિક્ષાને પાત્ર થાત, માટે કહ્યું છે કે: હિમ્મતે મર્દા તો મદદે ખુદા.

રજની ૩ જી.

મુર્ખનું માપ.

કૃષ્ણુલાલ—એક વખતે ભોજભુપાળની કચેરીમાં પાંચસો પંડિતો બેઠા હતા, તે વખતે મુરખ મનુષ્યને શાની ઉપમા આપી શકાય, એ વિશય ઉપર તકરાર ચાલી, એક કવિ મુરખ મનુષ્યને ઉદેશીને બોલ્યો કે" જે મનુષ્યને વિદ્યા

તપ, દાન, શીલ, ગુણ કે ધર્મ એમાંનું કશુંએ નથી તેવા મનુષ્યોને–મનુષ્યરૂપી મૃગ સરખાં આ પૃથ્વી ઉપર ભારરૂપ ફરે છે." પંડિતનું આવું વચન સાંભળી મૃગોએ તેમના પ્રતિ નમ્રતાથી કહ્યું કે "મુરખ મનુષ્યની ઉપમા અમને શા માટે આપો છો? અમે તો તપસ્વીની માફક હમેશાં જંગલમાં રહીએ છીએ, કોઇની પાસે દીનતા કરવા જતા નથી. મનુષ્યોને કસ્તુરી જેવી ઉતમ ચીજ પુરી પાડીએ છીએ. સંગીતના રસને જાણીએ છીએ, વળી અમારા ચર્મ યોગીશ્વરો પવિત્ર ગણી ઉપયોગમાં લે છે, આટલા ગુણો છતાં અમોને નિર્ગુણ મનુષ્યની તુલનાએ કેમ રાખો છો?" આ સાંભળી પંડિતના કાન ચમકી ગયા ને તેઓએ તે ફરવીને કહ્યું "મુરખ મનુષ્ય પશુરૂપે ફરે છે." આ સાંભળી ગાયો બોલી કે. "અરે કવીસ્વરો! હું ફકત ઘાસ ખાઉં છું. મારૂં દુધ સરવોપકારને પોષ્ટિક છે. મારો પેશાબ રોગને મટાડનાર છે. મારૂં છાણ તમારા ઘરને શોભાવે છે. મારા પુછડામાં તમામ દેવો રહેલા છે અને અંતના સમયે પણ હું વઇતરણથી તારનાર છું, આવા આવા અમારા અવર્ણનિય ગુણો છતાં અમોને નિરૂપકારી મુરખ મનુષ્યની સાથે સરખાવો તે તમોને શરમાવા જેવું છે."

આ પ્રમાણે ગાયોનું બોલવું યથાર્થ જણાયાથી પંડીતોમાં બેઠેલા બીજા કવિએ કહ્યુ: "મુરખ માણસ કુતરાની બરોબર છે." પોતાને માટે આવો પંડિતોનો ખોટો વિચાર જાણી ત્યાં હાજર રહેલા કુતરા બોલી ઉઠયા કે, "અરે કવીશ્વરો, તમે આવડી મોટી ચુક કેમ કરો છો? અમારા સઘળા ગુણો એકદમ કેમ વિસરી જાઓ છો? હું મારા ધણીની નોકરી ઘણી દીલોજાનીથી કરૂં છું, ઘણો ખબરદાર છું, નિંદ્રા થોડી લઉં છું. સદા ઉદ્યમી છું, એક

રોટલીના ટુકડાથી સંતોષ પામું છું. શુરવીર છું. આવા અનેક ગુણો છતાં, મને મુરખની પંક્તિમાં કેમ દાખલ કરો છો?" આવી કુતરાની દલીલ સાંભળી બીજા કવિએ કહ્યું કે, "મુરખ મનુષ્ય ઊંટના જેવા છે." આ સાંભળી ઊંટને માઠું લાગ્યું, અને ગર્વથી ગાજી ઉઠયું કે, "ઓ, પંડિતો! તમે મોટી ભુલો કરો છો. વિચારો! હું ઘડીની અંદર યોજન ગાઉની મુસાફરી કરૂં છું, રાજાઓ મારૂં માન જાળવે છે. ભાર પણ બીજાં પ્રાણીઓ કરતાં વધારે ઉચકું છું. રેતાળ દેશમાં મારી ઘણી ગરજ પડે છે, હું મારા રખવાળની ઘણી કાળજીપૂર્વક નોકરી બજાવું છું. આવા આવા મારામાં મનુષ્યના લાભકારી ગુણો છતાં મને મુરખ માણસની પંક્તિમાં કેમ મુકો છો? આવી ઊંટની તકરાર સાંભળી બીજા પંડિતે કહ્યું "મુરખ માણસ કાગડા રૂપે છે."

પંડિતના મુખનો આ ઉચ્ચાર સાંભળી કાગડાઓ કકળી ઉઠયા કે, 'અરે, કવીશ્વરો! અમોને નિરક્ષર મનુષ્યની ઉપમા આપવા જતાં જરા તમારી વધુ બોલતી જીભને કેમ અટકાવતા નથી? જુઓ, જુઓ, અમે શોડપાક્ષરી ભાષા જાણીએ છીએ, શુકનવેત્તાઓ અમારો આદર કરે છે; કોઇ સ્ત્રીનો પતિ પ્રદેશ ગયો હોય ત્યારે તેના શુભ સમાચાર અમને પુછે છે; હમો કોઇનો વિશ્વાસ કરતા નથી. ચંચળ સ્વભાવના છીએ; વખતસર માળા બાંધીએ છીએ અને મ્હોટા મળસ્કામાં જાગી કાકા શબ્દ બોલી મનુષ્યને નિદ્રામાંથી જાગૃત કરીએ છીએ. આવા અમારા ગુણોની પરીક્ષા કર્યા સિવાય મુર્ખ મનુષ્યની પંક્તિમાં અમને પ્રવેશ કરાવી આપવો એ શું કવીશ્વરોને યોગ્ય છે?"

આવો કાગડાઓનો કોલાહલ કાન ઉપર પડતાં એક કવિએ જુદી કલ્પના કરીને કહ્યું કે, "તેઓ મનુષ્યરૂપે

ગધેડા ફરે છે." પોતાના ઉપર આવી પડેલી અધમતા જોઇ ગધેડા ગર્વથી ગાજી ઉઠયા કે "અરે, દોઢ ડાહ્યા પંડિતો આ શું ! અમો તપસ્વી માફક ટાઢ, તડકોને વરસાદને પણ ગણકારતા નથી, આખે અંગે ભષ્મ ધારણ કરીએ છીએ, ભાર સારી રીતે ઉઠાવીએ છીએ અને ફકત ધાસ ખાઇને આનંદથી દહાડા કહાડીએ છીએ આવા આવા અમારામાં ગુણો છતાં મુર્ખ મનુષ્ય કે જે તમામ રીતે નિરૂપયોગી છે; તેની તુલનામાં અમોને કેમ ગણો છો ?

આવી રીતે જે જે પશુઓની ઉપમા કવિઓ આપવા લાગ્યા, તે તે પશુઓ પોતપોતાના ગુણો જાહેર કરી કવિઓના વાકયનું ખંડન કરવા લાગ્યા, આથી કવિઓએ ચેતન વસ્તુની ઉપમા આપવી બંધ રાખી, અચેતન વસ્તુની ઉપમા આપવી દુરસ્ત ધારીને એક કવિએ કહ્યું કે, "મુર્ખ મનુષ્યો મનુષ્યરૂપથી વૃક્ષ સમાન છે." આવી હીણઉપમા સાંભળી જડ ગણાતા વૃક્ષોને પણ વાચા થઇ અને તેઓ બોલી ઉઠયાં કે, અરે, કવિઓ ! અમો મનુષ્યને કેટલો ઉપકાર કરનારા છીએ; એ વાતની તમો કોઇને સમજ હોય તેમ લાગતું નથી. જુઓ, સાંભળો, થાકેલા તથા તપી ગએલા મુસાફરોને અમે અમારી છાયામાં વિશ્રાંતિ આપી શિતળ બનાવીએ છીએ, અમારાં પાંદડાં, છાલ, તથા લાકડાં, તમારા ખપમાં આવે છે, અને અમે અનેક પક્ષિઓને સદા આધારરૂપ છીએ. આવી રીતે અમે લીલાં હોઇએ ત્યારે અને સુકાઇ ગયાં હોઇએ ત્યારે પણ જગતનો ઉપકાર કરવો છોડતાં નથી, તો પછી વિદ્યાહિન મુર્ખ મનુષ્ય કે જે તદ્દન નકામું છે, તેમની ઉપમા અમને આપતાં તમે કેમ વિચાર કરતા નથી, આ કેવળ તમારી યોગ્યતાથી ઉલટું છે."

ઉપર પ્રમાણે વૃક્ષોનાં વચનો સાંભળી પંડિતોએ વિચાર

કીધો કે, " એ પણ કાંઇ સજીવ છે, કારણ કે એનું વધવું ઘટવું વિગેરે થાય છે, માટે તેઓ મુર્ખની ઉપમા સહન કરી શક્યાં નહીં. તેથી બીજા કવિએ કહ્યું કે " તેઓ મનુષ્ય રૂપથી ધુળના ઢગલા જેવા છે." આ વાક્ય સાંભળી ધુળ ઉછળીને બોલી ઉઠી કે, " અરે, જો હું ન હોત તો તમે ક્યાં હોત ? મ્હારાથીજ પૃથ્વી બંધાઇ છે. મહારા અંદર વાવેલાં બીજમાંથી નીપજેલા દાણા વડે તમો જીવો છો, તમારાં બચ્ચાં મહારામાં રમી આનંદ માને છે, હું ઘર બાંધવાના કામમાં આવું છું. જુઓ કે લંકાગઢમાં જવાને રામચંદ્રજીએ પાળ બાંધી હતી, તે પણ મારી મદદથીજ! મ્હોટી મ્હોટી નદીઓ ઉપરના પુલો અને સડકો મારાથીજ બનેલ છે. કાદવને હું સુકાવું છું. આવા આવા કિમતી ગુણો મ્હારામાં છતાં મને મુર્ખની સાથે કેમ સરખાવો છો? આ વ્યાજબી તકરાર સાંભળી કવીશ્વરોનાં મોં વીલાં પડી ગયાં. તે પરસ્પર કહેવા લાગ્યા કે " અરે, આપણે મોટા મોટા ગ્રંથો ગુંથીએ છીએ. છતાં આ વખતે આપણી બુદ્ધિ કેમ બ્હેર મારી ગઇ છે કે વિદ્યાહિનને સરખાવવા માટે તેને લાયક કાંઇ ઉપમાજ મળતી નથી. આવો વિચાર થયા પછી એક પંડિતે કહ્યું " મુર્ખ મનુષ્ય રૂપથી રાખના ઢગલા છે " આ સાંભળતાંજ રાખનો મિજાજ ખસી ગયો, તે બોલી ઉઠી કે, અરે કવિઓ ! તમે તો કવિત કરી જાણો એટલુંજ ! પણ સારાસારની તુલના કરી શકતા નથી. જુઓ, સાધુ લોકો સર્વ અંગે મહારો લેપ કરે છે, તેથી તેઓનું ઠંડીનું દુઃખ ઓછું થાય છે. તમારા સઘળા ખોરાકના દાણાની હું રક્ષા કરૂં છું, આ ઉપરથી મહારૂં નામ રક્ષા પડયું છે આવા આવા સર્વોત્તમ ગુણો છતાં મને મુર્ખની પંક્તિમાં ગણવી તે શું યોગ્ય છે ? " આવાં રાખનાં વ-

એનો સાંભળી કવિઓએ કાયર થઇને એ બાબત બોલવું બંધ કર્યું અને સર્વે જણાએ એવો નિર્ણય કર્યો કે, "મુર્ખ તે મુર્ખજ છે" તેની ઉપમા કોઇને આપી શકાય તેમ નથી.

સાર.

"વીલાસચંદ્ર! કૃષ્ણલાલે પોતાના વડીલ પુત્રને સંબોધતાં કહ્યું "મુર્ખની પદવી કેવી અધમ છે કે જેને પશુ. પક્ષિઓ, ને વૃક્ષો પણ ધિક્કારવા સિવાય રહેતાં નથી, તો મનુષ્ય જાતીએ તો તેનાથી હજારો ગાઉ દુર રહેવું જોઇએ, મહારાં બાળુડાં, તમે એટલી મારી શિખામણ તમારા હૃદયમાં કોતરી રાખશો અને હમેશા "મુર્ખ" એ વિશેષણથી દુરજ રહેશો.

રજની ૪ થી.

ભણ્યા પણ ગણ્યા નહીં.

કૃષ્ણલાલે પોતાના બાળકો આગળ ચોથી રાતની વાર્તા આ પ્રમાણે કહેવી શરૂ કરી, "તાજપુર નામના નગરમાં ત્રણ બ્રાહ્મણ મિત્રો રહેતા હતા. તે ત્રણે શાસ્ત્ર જાણનાર પણ બુદ્ધિહિણ હતા. તેજ નગરમાં એક બીજો બ્રાહ્મણ રહેતો હતો તે અભણ હતો પણ બુદ્ધિવંત હતો, એક દીવસે આ ત્રણ બ્રાહ્મણ મિત્રોએ પ્રદેશ જઇ શાસ્ત્રના બળ વડે ધન સંપાદન કરવા ઠરાવ કર્યો અને જવા તૈયાર થયા તેમની સાથે પેલો અભણ બ્રાહ્મણ પણ જવા નીકળ્યો. નગરમાંથી કેટલેક દુર ગયા પછી એક જણે વાંધો ઉઠાવ્યો કે; "આપણી સંગાથે એવા મુર્ખ માણસને લઇ જવો તે ઠીક નહીં કારણકે મુર્ખને સાથે ફેરવવો તે વિદ્વાનોનું કર્ત-

ાય નથી.” બીજાએ તે વાત કબુલ કરી અને એક સંપે થઇ ત્રણે જણાયે અભણને નગરમાં પાછો જવા કહ્યું. અભણે કાલાવાલા કરીને કહ્યુ કે; “ભાઇઓ; હું અભણ છું, તેનું કેમ કરવું! મારૂં કિસ્મત મારી પાસે છે હું કાંઇ તમારામાંથી ભાગ પડાવનાર નથી. ટુંકા મનના મનુષ્યોજ આવા ટુંકા વિચાર કરે છે. આવા વિચાર તમારા જેવા વિદ્વાનોએ કરવા નહીં જોઇએ.” આ પ્રમાણે અભણના કાલાવાલા સાંભળી આગળ કોઇ મોટું શહેર આવે ત્યાંથી છુટા પડી જવાની સરતે તેને સાથે લીધો, ચાલતાં ચાલતાં એક માહારણ્યમાં જઇ પહોંચ્યા માંકડાનાં માથાં ફાડી નાંખે તેવો સખ્ત વઇશાખ મહિનાનો તાપ પડતો હોવાથી બપોર ગુજારવા ચારે જણા એક વ્રક્ષની છાયા તળે બેઠા; પછી તેમાંના એક જણે કહ્યું, “આપણે વિદ્યાતો ભણ્યા છીએ ખરા, પણ કદી પરીક્ષા કરી નથી, તો અત્યારે કરીએ.” બીજાએ તે વાત કબુલ કરી. એટલામાં સામે મરી ગયેલા એક સિંહનાં હાડકાં હતાં; તે એક જણની નજરે પડ્યાં એટલે તેણે કહ્યું, “આ કોઇ મરેલા જનાવરનાં હાડકાં છે, માટે તેને સજીવન કરીએ.” એક જણે ઉત્સાહથી તે હાડકાં એકઠાં કર્યાં, બીજાએ તેમાં લોહી, માંસને ચામડું નાંખ્યું; એટલે તો એક મહા વિકરાળ સિંહનું શબ તૈયાર થયું. ત્રીજો તેમાં જેવો જીવ નાંખવા જાય છે કે તુરત સાથે આવેલો પેલો અભણ બ્રાહ્મણ બોલી ઉઠયો; અરે, ભાઇ! આ શું કરે છે? જેવો તુ તેને સજીવન કરીશ તેવોજ તે આપણા સઘળાને મારી નાંખશે. માટે તું આ કામ ન કરીશ. તારે વિદ્યાનો અજમાયશ કરવો હોય તો કોઇ બીજા પ્રાણીના શબ ઉપર કર.” આ સાંભળી પેલે શાસ્ત્રવેત્તા બ્રાહ્મણ તેના ઉપર એકદમ તપી ગયો અને કહેવા

લાગ્યો કે, "બેસ, બેસ, મુર્ખા! ત્હારામાં ડહાપણ કેટલું? હમો ત્હારા કરતાં કાંઇક વધારે ડાહ્યા હઇશું. મુર્ખ એટલું સમજતો નથી કે હમોએ સજીવન કરેલું પ્રાણી તે કદી હમને મારે ખરૂં કે? અમે તો તેના પરમેશ્વર ઠર્યા" અભણે જાણ્યું કે બ્રાહ્મણ હઠ મુકનાર નથી એટલે તે બોલ્યો "ભાઇ, તેમજ હોય તો જરા સબુર કર, હું ઝાડ ઉપર ચઢી જાઉં, આમ કહી તે ઝાડ ઉપર ચઢી ગયો ને પેલાએ સિંહને સજીવન કર્યો, જેવો સિંહમાં જીવ આવ્યો કે તેવોજ ઉઠીને તેણે ત્રણે બ્રાહ્મણોને મારી નાંખ્યા. અને ત્યાંથી ચાલ્યો ગયો, સિંહને ગયા પછી ઝાડ પરથી પેલો અભણ બ્રાહ્મણ નિચે ઉતર્યો ને બ્રાહ્મણોની મુર્ખાઇ વિષે વિચાર કરતો પોતાના નગરમાં પાછો ગયો.

સાર.

શાસ્ત્રમાં હુશિઆર છતાં જે લોકો આચાર વિચાર જાણતા નથી તે લોકો વિદ્યાને એબ લગાડે છે; પરિણામે દુઃખ પામે છે અને "ભણ્યા પણ ગણ્યા નહીં" એ કહેવતના પાત્ર થાય છે.

રજની ૫ મી.

અતી લોભ તે પાપનું મુળ.

પોતાનાં બાળકો આગળ કૃષ્ણલાલે પાંચમી વારતા શરૂ કરતાં કહ્યું, મણીપુર નામના નગરમાં ચાર બ્રાહ્મણ મિત્રો રહેતા હતા, તેઓ ચારે દરીદ્રાવસ્થામાં હતા, તેથી કોઇ પણ પ્રકારે ધન મેળવવાનો વિચાર કરી ચારે જણા

ભાગોળે એક યોગી રહેતો હતો તેની પાસે ગયા અને તેની આગળ પોતાનું દુખ કહી બતાવ્યું, યોગીને દયા આવવાથી પોતાની પાસેથી ચારે જણાને લાકડીનો એકેક ડંડ (ટુકડો) આપીને કહ્યું, "બ્રાહ્મણ પુત્રો! તમો દરેક આ ડંડ લઇ ઉતર તરફ જાઓ. રસ્તામાં જ્યાં તમારા હાથમાંથી ડંડ પડી જાય ત્યાં ખોદજો એટલે ત્યાંથી ધન નીકળશે. પરંતુ જો વિશેશ લોભ કરી આગળ જશો તો ખરાબી થશે.:" બ્રાહ્મણ પુત્રોએ યોગીની આજ્ઞા મથે ચડાવી અને આગળ ચાલ્યા; થોડાક ગાઉ ગયા પછી એ કના હાથમાંથી ડંડ પડી ગયો. એટલે તેણે ત્યાં ખોદ્યું તો અંદરથી પઇસાનો ખજાનો નીકળ્યો, એટલે તેણે કહ્યું કે "હવે આપણે આમાંથી જેટલું જોઇએ તેટલું ધન લઇ ઘર તરફ વળો." પરંતુ પેલા ત્રણે જણાએ માન્યું નહીં, અને ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાંથી થોડેક દુર ગયા એટલે બીજાના હાથમાંથી ડંડ પડી ગયો; ત્યાં ખોદ્યું તો બેસુમાર રૂપીઆ નિકળ્યા, તેથી તે ઘણો ખુશી થયો અને પેલા બે જણાને કહેવા લાગ્યો કે "મિત્રો! આપણને જોઇએ તે કરતાં અધિક ધન મળ્યું છે માટે હવે આગળ જવાની જરૂર નથી." પેલા બે જણા બોલ્યા "અરે ભાઇ તું એમ કેમ કહે છે. પ્રથમ પઇસાનો ખજાનો જડયો, પછી અહીં રૂપીઆનો જડયો, તો આગળ મોહોરોનો કેમ નહીં હોય? અમો તો આગળજ જઇશું." આટલું કહી પેલાને પડતા મુકી બંને જણા આગળ રવાના થયા. બંને વાતો કરતા આનંદભર્યા ચાલ્યા જતા હતા તેવામાં બંનેના હાથમાંથી ડંડ પડી ગયા. તેથી ત્યાં ખોદ્યું તો સુવર્ણના શીકા (મહોરો) ના ચરૂ ભરેલા નીકળ્યા. તે જોઇ એક જણાએ કહ્યું "બંધુ આ સુવર્ણના સીકકા લઇ ચાલો, આપણે જ-

સહી ઘર તરફ જઈએ; કારણકે આપણા બંનેના દંડ અહીં પડ્યા છે. માટે આગળ જવાનું કાંઈ કારણ નથી." આ બોલવું બ્રાહ્મણને ઉચીત લાગ્યું નહીં, તેણે કહ્યું કે "મારે તો આ સોનુ જોઈતું નથી. હું તો આગળ જઈશ કારણ, અત્યાર સુધી આપણી ધારણા મુજબ એકને પઈસા, બીજાને રૂપીઆ, ને તને મહોરો મળી તો આગળ મને હીરા માણેક કેમ નહીં મળે?" પેલાએ તેને ઘણોએ સમજાવ્યો કે અતિ લોભ તે પાપનું મુળ છે માટે તું આગળ ન જતાં જે આપણને મળ્યું છે. તેનાથી સંતોષ રાખ. યોગીરાજે પણ કહ્યું છે કે દંડ પડે ત્યાંથી આગળ જવું નહીં." પરંતુ પેલો લોભી બ્રાહ્મણ પોતાની હઠ નહીં મુકતાં પડી ગએલો દંડ ફરી હાથમાં લઈ આગળ ચાલ્યો. તે ત્યાંથી થોડેક ગયા એટલામાં ફરીથી દંડ હાથમાંથી પડી ગયો. આથી પોતાની ઇચ્છા પાર પડી ગઈ એમ સમજી તે ઘણો ખુશી થયો ને ઉમંગથી ત્યાં ખોદવા લાગ્યો. પણ થોડુંક ખોદ્યું કે તેમાંથી એક છંછેડાયલો ઝેરી સાપ નીકળી તેને કરડ્યો તેનું જોતજોતામાં આખા શરીરે ઝેર વ્યાપી ગયું. જેથી તે મહા દુઃખ ભોગવી મરણ પામ્યો. મરતાં મરતાં બોલ્યો કે "જે માણસો લોભ છોડતા નથી તે મુજ મુરખની પેઠે દુઃખ પામે છે."

સાર.

અતિ લોભ તે પાપનું મુળ એ કહેવતાનુસાર આ પ્રસંગે એક હજાર રૂપીઆ કરતાં પણ વધારે મુલ્ય ધારીએ તો ખોટું નથી. લોભી માણસોનો કદી પણ વિજય થતો નથી. તેમ પોતે યશસ્વી હોય તો લોભથી તેનો યશ પણ નાશ પામે છે કવીશ્વર દલપતરામે કહ્યું છે કેઃ—

લોભ નહીં જ્યાં થોભનો, શોભા સઘળી જાય,
તૃષ્ણાથી તરસ્યો સદા, ધનથી નહીં ધરાય.

રજની ૬ ડી.

સોબતનાં ફળ

કૃષ્ણલાલ બોલ્યા, એક ગાય હરાડી હતી. તે દરરોજ રાત્રે ઘોરાટ સમ્યા પછી વાડામાંથી નીકળી જઇ છાનો માનો કોઇ ઉભા પાકવાળા ખેતરમાં પેસી જતી અને હરાયાથી તે રાતીમાતી થઇ રહી હતી. તેને એક ગધેડા સાથે ભાઇબંધી હતી. એક રાતે હરા ચરવા જતી વખતે ગાયને ગધેડાનો ભેટો થયો, પોતાની સાથે લઇ જવા માટે ગધેડો ઘણી આજીજી સાથે કહેવા લાગ્યો, "બાઇ, તમો દરરોજ આ પ્રમાણે એકલાં જઇ સરા કરી આવો અને હું તમારો દોસ્ત ઘેર ભુખે મરૂં તે વ્યાજબી નહિ, આજે તો મને જરૂર સાથે લઇ જવોજ પડશે"

ગાયે જવાબ દીધો " ગધેડા ભાઇ, તમને સાથે લઇ જવામાં મને કોઇ જાતનો વાંધો નથી; તમને સાબદા થએલા જોતા હું ઘણી રાજી છું પણ તમારો ચાંટા જબરો છે, તેથી ધરાયા પછી તમારી લાંબા રાગડા કહાડવાની આદતથી હું ઘણી ડરૂં છું., ત્યાં તો ઘણી સંભાળથી કામ લેવાનું છે. જરા ખડખડાટ થયો અને રાસોતી જાગી ગયોકે પુરી ખરાબી થઈ સમજવી " ગધેડો ફરી કાલાવાલા કરી કહેવા લાગ્યો " બ્હેન, તમારા સોગન ખાઇને કહું છું કે બોલવું તો શું પણ જરા ખડખડાટ સરખો થવા નહિ દઊં, શું તમને મ્હારા વચન ઉપર ઇતબાર નથી આવતો ? "

છેવટે ગાયને તેની માગણી કબુલ રાખવી પડી. બંને જણાં બાજરીના એક ખેતરમાં પેઠાં અને તેના મધ્ય ભાગમાં

જઇ ખાવા માંડયું. ગાય ધીમે ધીમે ચરતી હતી; પણ ગધેડે તો નીચી નજરે દેવાજ માંડયું હતું. થોડી વારમાં તે ધરનાઇ રહ્યો એટલે સ્વભાવ પ્રમાણે ભુંકવાનું યાદ આવ્યું. તે પોતાના લાંબા રાગડા તાણવાની અણી ઉપર હતો તેવામાં ગાયે જોયો તે દીનતાથી કહેવા લાગી "અરે, ગધેડા આ શું કરે છે? જેવો અવાજ નીકળ્યો કે વાસોતી જાગી ઉઠશે અને આપણાં હાડકે હાડકાં ભાગી નાંખશે" ગધેડે તે તરફ કાંઇ ધ્યાન આપ્યું નહિ અને એકદમ ભુંકવાનું શરૂ કર્યું ગાય નાસી છુટે તે પહેલાં વાસોતી જાગી ઉઠયો; અને ગાયને નાસતી જોઇ તેના સામો ફરી વળ્યો તેના ઉપર લાકડીઓનો વરસાદ વરસાવવા માંડયો. વાસોતીને ગાયને મારવાના કામમાં રોકાયલો જોઇ ગધેડો પાસેની નીચી વાડ કુદી નાસી ગયો ગાયનાં હાડકાં પાંસરાં કીધા પછી તેને રાતની રાત એક દોરડા વતી ઝાડ સાથે બાંધી રાખી અને સવારમાં તેના માલીક પાસેથી નુકશાનનો બદલો લીધો ત્યારે છોડી; ગાયને ઘેર લઇ ગયા પછી માલીકે ઘણા દહાડા ચાકરી કરી ત્યારે સારી થઈ અને ગધેડાની ભાઇબંધી કરવા માટે તેને ઘણો પસ્તાવો થયો.

સાર.

સારૂં યા નઠારૂ એ દરેક પોતાનો ભાવ ભજવ્યા વગર રહેતું નથી માટે મીત્રાચારી કરવા તે પાત્ર જોઇને કરવી, કે પછી ગાયની માફક પસ્તાવાનું પરિણામ આવે નહીં

રજની ૭ મી.

—:o:—

ત્રીપુરાશંકર નામના બ્રાહ્મણને મગન નામે એક છોકરો હતો એ એવો આડી ચાલનો હતો કે તેને જે કાંઇ કહેવામાં આવે તેથી ઉલટું કરતો. એક વખતે ત્રીપુ-

રાશંકર સ્નાન કરી દેવ પુજનમાં બેઠા હતા તે વખતે મગનને પીતળની દીવી લાવવાને કહ્યું, ત્યારે મગન પીતળની દીવી લાવવાને બદલે દીવાળી ઉપર કુંભાર કોડીયાં મુકી ગયેલો તે ત્રીજા માલના મેડે ખુણામાં મુકેલાં તે લેવા ગયો અને જેવું કોડીયું હાથમાં લીધું કે તરતજ ત્યાં ભરાઇ રહેલા વીંછી આંગળીએ કરડ્યો કે તરત મગન બુમો પાડી રોવા માંડ્યો ત્રીપુરાશંકર ત્યાં આવી નીચે ઉતારી વીંછીની દવા આંગળીએ ચોપડી એટલે કાંઇક વેદના શાંત થઇ, મગનને કહ્યું કે તને પીતળની દીવી લાવવા કહ્યું પણ તેં આ આડું કામ કર્યું તેનાં ફળ તને પ્રત્યક્ષ મળ્યા છે. વળી એક વખત મગનને લેઇ ત્રીપુરાશંકર ખેતરમાં ગયા હતા ત્યાં ઉગેલા ચોળા ઉપર બાઝેલી સીંગો ખેતરના પટેલે ત્રીપુરાશંકરને છોકરાં માટે ખાવા લઇ જવા કહ્યું આથી તેમણે શેર એકના આશરે વીણી મગનના ખોળામાં આપી હવે ઘેર જતાં ત્રીપુરાશંકરને બીજે જવું પડવાથી મગનને ઘેર મોકલ્યો અને કહ્યુંકે તમે બધા આ સીંગો વહેંચીને ખાજો, મગન સારૂં કહી ઘર તરફ ચાલ્યો, ઘેર જઇ મગને એ સીંગો પોતાના બીજા ભાઇ બ્હેનને આપવાને બદલે એકલો ખાઇ ગયો હવે કલાક એક વખત જતાં મગનના પેટમાં સીંગો કાચી ખાધાથી પીડા થવા માંડી તેવામાં ત્રીપુરાશંકર ઘેર આવ્યો તેમણે મગનની પીડા જોઇ કહ્યું તને સીંગો આપી હતી. તે વહેંચીને ખાવાને બદલે એકલસુરો થઇ એકલો ખાઇ ગયો માટે આ પીડા થઇ આ વખતે મગનને શીક્ષા મલી. અને તે પછી તે સુધર્યો.

સાર.

હરેકે પોતાના વડીલના વચનો માથે ચડાવી તે કહે તે પ્રમાણે વર્તવું જોઇએ. જે બાળક વડીલના કહેવા વીરૂધ વર્તન કરે છે તેને કોઇ વખતે મોટી મુસીબત વેઠવા વખત આવે છે એમાં શક નથી.

રજની ૮ મી.

માત પીતાની સેવા.

એક મોટો સરદાર હતો તેના ઉપર રાજાની નાતરાજી થવાથી તેને દેશપારની સજા કરી. તેને રસ્તો એવો વીકટ હતો કે ત્યાં જઇ શકવું ઘણું મુશકેલ હતું. તેની સ્ત્રી એક દીવસ ઉદાસ થઇને બેઠી હતી. આ વખતે તેની પંદર વરસની પ્રેમીલા દીકરી બહારથી આવી તેણે માને ઉદાસ થવાનું કારણ પુછ્યું- પ્રેમીલાના પુછવાથી તેણીને કાંઇક વધુ દુઃખ થયું હોય તેમ એક ઉંડો નિસાસો નાખીને બોલી. " કાંઇ નહી. અત્યારે મારે એક દીકરો હોત તો તે અવસ્ય પોતાના પીતાને છોડવી લાવત. તું છે તે શા કામની ! " માતાનાં વચન સાંભળી પ્રેમીલાનાં દીલમાં દુઃખ થયું થોડીવાર વીચાર કર્યા પછી તે જુસ્સા ભરેલાં વચનોથી બોલી. માતાજી ઉદાસ ન થાઓ. મારા પીતાને છોડાવી લાવવાનું કામ શું દીકરોજ કરી શકે ? તે મારાથી નહીં થાય ? હું પ્રતીજ્ઞા સાથ કહું છું કે જ્યાં સુધી મારા પીતાને છોડાવી ઘેર નહીં લાવું ત્યાં સુધી આ ગામનું અનજળ આજથી મારે હરામ છે. કૃપા કરી તમે મને રજા આપો. માએ ના કહી પરંતુ છેવટે તેને રજા આપવી પડી. પ્રેમીલા થોડા રૂપીઆ અને ભાથું લઇ રવાના થઇ. રસ્તો ઘણો વીકટ હતો તેમાં વળી અત્યારે વરસાદની મોશમ શરૂ થઇ હતી. તેથી તેને રસ્તામાં ઘણું દુઃખ સોસવું પડતું. તે આખો દીવસ ચાલ ચાલ કરતી અને સાંજે જે ગામ આવે ત્યાં રાત રહેતી. એ પ્રમાણે લાગલાગટ બે માસ ચાલ્યા કર્યું. હવે તેને વરસાદની ખરી મોસમ નડી.

એક સવારે કુંડાલાબાદથી નીકળી દશેક માઇલ ચાલી હશે એટલામાં વરસાદે ચડી આવી ઉપરથી પડવું શરૂ કીધું. સાંજના ગામમાં પહોંચી જવાની ઉત્કંઠાને લીધે પલળતાં, ભીંજાતાં પાણીને ન ગણકારતાં જેમ બને તેમ રસ્તો કાપવા માંડયો. ઠેઠ સાંજના પાંચ વાગતાં સુધી ચાલ ચાલ કર્યું પણ કોઇ ગામ આવ્યું નહીં. વરસાદના ચાલુ મારથી તે થર થર ધ્રુજતી હતી. પગનાં જોડા ફાટી જઇને નીકળી ગયા હતા, તેથી પગમાં ઉપરા ઉપરી કાંટા ભોંકાતા હતા અને સવારથી અપવાસી હતી તેથી તેને ઘણું દુઃખ પડયું, તેની ચાલવાની હામ જતી રહી, પણ જંગલમાં ફાડીખાનાર જનાવરની મોટી ધાસ્તીને લીધે લાચારીથી પોતાના પગો આગળ ચલાવ્યા. પ્રભુ કૃપાએ સાંજ પડતાં એક ગામના ઝાંપે આવી પહોંચી. તેની પાસેનું ભાથું અને રોકડ રકમ હતી તે ખલાસ થઇ ગઇ હતી. અત્યારે એક પાઇસરખી નહોતી તેને ગામમાં જઈ ભીખ માગી લાવી રાતની રાત ગુજારવાનો વીચાર કર્યો. પાણીથી તર થએલાં કપડાં નીચોવી ફરી પહેર્યાં. અને ગામમાં પેઠી. સખત ટાઢીના લીધે લોકોએ પોતપોતાનાં ઘર બંધ કરી દીધેલાં હતાં. પ્રેમીલા ઘરેઘર ફરી પણ કોઇએ કકડો રોટલો સરખો પણ નહીં આપ્યો. તે હવે ભુખના દુખથી ઘણી લાચાર અને થાકથી ઘણી અશક્ત થઇ ગઇ ને એક ઝાડ નીચે બેસી પોકે પોકે રોઇ પડી થોડી વાર પછી મનમાં કાંઇક વીચાર આવતાં આંખો લુશી નાંખી અને મનને ઠપકો દેવા લાગી “ હે, મન, આમ કાયર કેમ થાય છે? પ્રેમીલાએ પોતાના ભાગેલા મનને પાછું સતેજ કર્યું અને ત્યાં રાત્રી પુરી કરી સવારમાં એક સદાવ્રતી શેઠ તરફથી સીધું મળ્યું તે જમીને આગળ રવાના થઇ આ પ્રમાણે પ્રેમીલા અનેક

કષ્ટો વેઠતી પોતાના પીતા જ્યાં કેદ છે તે ગામમાં જઈ પહોંચી અને રાજાના જનાનામાં ચાકરી કરી કેટલીક મુદત સુધી તન તોડ સેવા કરી રાજાના રાણીને ખુશ કરી નાંખી એક વખતે તાકડો શોધી રાણી આગળ રોઈ પડી અને પોતાના પીતાને છોડાવવા ઘણી આજીજી કરી રાણીએ તેને દીલાસો દીધો બીજે દીવસે રાણીએ રાજાને બોલાવી પ્રેમીલાએ પોતાના પીતાને છોડાવવા જે કષ્ટ વેઠીને આવી હતી તે સર્વે હકીકત સંભળાવી અને તેને છોડવા આજીજી કરી રાજા પ્રેમીલાની આવી હીમતથી ઘણો ખુશ થઇ ગયો અને તેજ ઘડીએ તે ઉમરાવને કેદ મુકત કરી પ્રેમીલા આગળ લાવી હાજર કરાવ્યો પ્રેમીલાને અહીંઆં જોઈ તેનો પીતા દીંગ થઇ ગયો અને જ્યારે પ્રેમીલાના મુખથી પોતાને છોડાવવા આવવાની હકીકત સાંભળી ત્યારે તે ઘણો ખુશી થયો રાજાએ પ્રેમીલાની બાહાદુરીનો લખેલો દફતરમાં રાખવા હુકમ કર્યો અને ગાડી મંગાવી બાપ દીકરીને તેજ ઘડીએ વતન તરફ રવાના કર્યા. તે થોડા દીવસમાં ઘેર જઈ પહોચ્યાં પ્રેમીલાની માતા, પતી પુત્રીને જોઈ ઘણો હરખ પામી અને પ્રેમીલાને શાબાશી આપતાં બોલી સુપુત પુત્રી તેં માગ સો પુત્રોની ગરજ સારી છે આજથી હું તને એક વહાલો પુત્ર ગણીશ.

સાર

માતા પીતાની સેવા કરવી એ દરેક પુત્ર તેમ પુત્રીનો ધર્મ છે તેઓ જન્મ આપી ઉછેરી મોટાં કરે તેના બદલામાં દુઃખ દઇએ તો જગત નીયનતા ગુસ્સે કેમ ન થાય ? અને તેના ગુન્હેગાર કેમ ન થઇએ

રજના ૯ મી.

—:o:—

ઉદ્યોગનાં ફળ.

કૃષ્ણલાલે નવમી રાત્રે પોતાના બાળકો આગળ આ વાર્ત્ત કહેવા માંડી.

એક ઘરડા ખેડુતે પોતાના ત્રણ છોકરાઓને આખરની મરણ પથારીએ બોલાવી કહ્યું કે "આ ઘરમાં કોઇ માલ મીલકત મેં મુકી નથી. મારૂં સર્વસ્વ આપણા ખેતરમાં છે માટે જમીનને બરોબર સાચવજો ખરાબ દીવસો આવે ને ફાકા પડે તો પણ તેમાંની એક ચાંચ જમીન કોઇને આપતા નહી" આ પ્રમાણે કહી પોતાનો પ્રાણ તજ્યો હવે થોડા વરસ વીતતાં વરસાદ અનીયમીત થવાથી એ ત્રણ ભાઇઓ હેરાન થવા લાગ્યા ત્યારે તેમને તેમના પીતાએ કહેલી વાત યાદ આવી તેમણે વીચાર કર્યો કે ઘરમાં કાંઇ પૈસો ટકો નથી અને પીતાશ્રીએ પૈસો ઘરમાં ન રાખતાં સર્વ માલ મીલકત કુવાવાળા ખેતરમાં રાખ્યાનું કહ્યું છે તેની ત્યાં તપાસ કરવી જોઇએ એમ વીચાર કરી તે ત્રણ ભાઇ પોતાના ઢોર લઇને ખેતરમાં ગયા અને જમીન ખોદવા માંડી રાજ્યના સખ્ત કાયદાને લીધે ખેતરમાં ખોદતા નીકળતી માટે ખેતરમાંજ રાખવી પડતી હતે એક બાજુએ ઘણું ખોદતાં કાંઇ ન નીકળ્યું ત્યારે બીજી બાજુએ ખોદવા માંડ્યું ત્યાં પણ કાંઇ ન જડ્યું ત્યારે ત્રીજી બાજુ એમ આખું ખેતર ખોદતાં એક ઠેકાણાની માટી બીજે ને બીજા ઠેકાણાની ત્રીજે એમ નાંખતાં આખું ખેતર ખોદી ખોદી પોચું કરી નાંખ્યું તથા માટી ઉપર નીચે કરી પણ દ્રવ્ય કાંઇ ન મળ્યું. એટલે નીરાશ થયા, તેમની સરવે ઉમેદો નાશ

પામી તેમ કરતાં વરસ પોહચ્યું અને સારો વરસાદ થયો પાસે પૈસા ન હોવાથી પિતાનું વચન પાળવા કુવાવાળી જમીન રાખી બીજી થોડીક જમીન વેચી તેના ઉપજેલા દામમાં બીજ તથા ઘર ખરચનો સામાન અને ઢોરને માટે ઘાસ ખરીદયું કુવાવાળા ખેતરમાં ખરીફના પાકનું જુદું જુદું વાવેતર કર્યું પાક તઈયાર થયો અને તેમણે કરેલા ઉદ્યોગનાં ફળ તેમને મળ્યાં પાક ભરપુર થયો તેઓ સમજ્યા કે પીતાએ ઉદ્યોગ રૂપી ખજાનો બતાવી તેમાંથી દ્રવ્ય મેળવવા ફરમાવેલું તેજ આ હશે ઉદ્યોગ છે તે દોલત મેળવવાનો રસ્તો અને સારા નસીબનું મુળ છે ત્રણે ભાઇ આ પછી સમજ્યા અને આળસુ બેસી રહેવાનું તજી દઇ હરેક ઉદ્યોગ કરવા માંડ્યા. તેથી થોડા વખતમાં તેમની નાશ પામેલી ગૃહસ્થાઇ ફરી પ્રાપ્ત થઇ.

સાર

પંખો હલાવ્યા સિવાય પવન સરખો પણ મળતો નથી તો જીંદગી સુખમાં ગુજારવાનાં સાધનો ફોગટમાં કેમ મળે ઉદ્યોગથી એક માણસ હજાર માણસને હડાવી શકે છે; અને ગમે તેવું સખત કાર્ય હોય તે પણ ઉદ્યોગથી પુરૂં પાડી શકે છે માટે દરેકની ફરજ છે કે નિરૂદ્યમી બેસી ન રહેતાં ઉદ્યોગ કરવો.

રજની ૧૦ મી.

—:o:—

બન્ધુ પ્રેમ.

—

કૃષ્ણલાલે દશમી રાત્રે પોતાના બાળક રૂબરૂ આ વાત કહેવા શરૂ કરી.

આજે હું તમને ભાઇ બહેન પ્રત્યે પ્રેમ રાખનાર સપુત બાળકોનાં થોડાંક દ્રષ્ટાંત આપું છું તે ધ્યાન થી સાંભળો.

મેરી નામની એક યુરોપીયન છોકરી હતી. તેનાં માબાપ તેને તથા તેના બે વરસના એક ભાઇને મુકી મરણ પામ્યાં હતાં.

મેરી નિર્ધન હતી તો પણ મહેનત કરી પોતાના ભાઇને માતા બરાબર રાખતી, એક વખત શીયાળાના દીવસે સવારમાં તે બેઠી બેઠી રોટલા શેકતી હતી અને જોડમાં તેનો ભાઈ બેઠો હતો એવામાં અચાનક એક વરૂનું જોડું તેમના ઘરમાં ધસી આવ્યું અને છોકરા ઉપર હુમલો કર્યો મેરી નીડરપણે હાથમાં કડછી લઇ ભાઇનું રક્ષણ કરવા તૈયાર થઇ. તેણે એક વરૂને ઘાયલ કર્યું એટલામાં બીજું તેના ઉપર ધસી આવ્યું, તે દરમ્યાન ઘાયલ થયેલા વરૂએ તેના ભાઇ ઉપર ફરી હુમલો કર્યો, હવે તે ગભરાઇને પોતાના જાનની દરકાર ન કરતા ભાઇના બચાવ તરફ પુરૂં લક્ષ આપ્યું તેણે તરત કબાટ ઉઘાડી ભાઇને તેમાં પુરી દીધો અને પોતે વરૂ સાથે લડવા લાગી, આખરે તે જુલમી પ્રાણીઓએ બીચારી મેરીનો પ્રાણ લીધો. પાડોશીઓને ખબર પડતાં તે દોડી આવ્યા મેરીને અવલ મંજલે પહોંચાડી અને તેના ભાઇને એક ભલા પાડોશીએ રાખી

ઊંચો બીજી બીના એવી છે કે આસ્ટ્રેલીઆ દેશના પુષ્કળ ઝાડીવાળા બાગમાં આવેલા એક ગામમાં એક સુતાર રહેતો, હતો તેને ત્રણ છોકરા હતા, ત્રણેના ઉમર પાંચ સાત અને નવ વરસના હતી, તે ત્રણે છોકરા દરરોજ ઝાડીમાં જઇ પંખા બનાવવા તાડ પાતરાં લાવતા, એક દીવસે ત્રણે તે ઝાડીમાં ભુલા પડયા સાંજ પડી પણ છોકરાં પાછાં ન આવ્યાં તેથી માતા પીતાને ચીંતા થઇ હવે તેમની શોધ કરવા માંડી લાગલાગટ ચાર દીવસ સુધી ખોળ કરી પણ પતો લાગ્યો નહી. છેવટે ત્યાંના જંગલી લોકો જે માર્ગ શોધી કહાડવામાં હુશીયાર હતા તેમને સાથે લઇ ફરી જં-ગલમાં શોધ કરવા ગયા તે જંગલી લોકોએ તેમનો પતો મેળવી આપ્યો ત્રણે છોકરાં લપટાઇને એક ઝાડની થડમાં સુઇ ગયાં હતાં ટાઢની મોસમ હતી તેથી પોતાના નાના ભાઇને દુઃખ ન થાય માટે પેલા બંને જણાએ પોતાના કપડાં ઓઢાડયાં અને પોતે કકડતી ઠંડી વેઠતાં ઉઘાડા પડયા હતા લાગલાગટ ચાર દીવસથી અનાજનો દાણો મોમાં ગયો નહોતો તેથી ભુખ અને કકડતી ઠંડીના લીધે છોકરાં મરણ અવસ્થાએ જઇ પહોંચ્યા હતાં. બાળકોને જોતાંજ પીતા તેમના પાસે દોડી ગયો અને તેમને ઉચકી લીધાં તેઓ સરવે ઘેર આવ્યાં અને ઉપચારથી સમા વળ્યાં. નાના છોકરાએ પીતા આગળ પોતાના મોટા ભાઇઓનો પ્રેમ અને માયાના સર્વ હકીકત કહી બતાવી. પીતા છોક-રાંની આવી રીતભાત જોઇ ઘણો ખુશ થયો અને બંને છોકરાંને ઘણી સાબાશી આપી.

સાર.

ભાઇબાંડુ પ્રત્યે પવીત્ર પ્રેમની નજરે જોવું એ દરેક સપુત્રનો ધર્મ છે. દુનીઆમાં ભાઇ અને બહેન જેવું બીજું

કોઇ સગું નથી તો તેમના પ્રત્યે અરસપરસ હેતભાવથી વર્તવાથી મા બાપ અને પ્રભુ રાજી થાય છે અને વખતસુખ ચેનમાંપસાર થાય છે.

રજની ૧૧ મી.

કરે તેવું પામે.

કૃષ્ણલાલ એકાદશીની રાત્રે વાત શરૂ કરતાં બોલ્યા.

એક ગામાં ચાર ચોર હતા તે હમેશાં ગરીબ વટેમાર્ગુને લુંટતા અને મારફાડ કરતા. એમ કરતાં તેઓએ ઘણી દોલત મેળવી હતી. તેમનો ત્રાસ સો સો ગાઉ ફરતો પ્રસરી ગયો હતો. રાજા પણ તેમને વશ કરી શકતો નહોતો તેઓ દીન પ્રતીદીન વધુ જોર પર આવી જૂલમ કરતા હતા અને તેઓના મનમાં એમ આવ્યું હતું કે તેમના સરખા બીજા કોઇ બહાદુર નથી તેમની વાત ઘણે દૂર પ્રસરી ગઇ, તે રૂપસીંહ નામના બીજા એક ઠમના છોકરાના જાણવામાં આવી રૂપસીંહે વાત સાંભળતાંજ ચોરોની મુલાકાત લેવાનો વીચાર કર્યો ઘેરથી થોડાક રૂપીઆ લઇ તે નીકળ્યો ને ચોરોના ગામના પાધરે આવી મુકામ કર્યો પછી રૂપીઆ કાઢીને ને મોટા અવાજથી ગણવા મંડયો આ વખતે ચોરોની બાયડીઓ કુવા ઉપર પાણી ભરવા આવી હતી તેમને ઘેર જઇ આ હકીકત ચોરોને કહી વાત સાંભળતાંજ ચારે જણ આવી રૂપસીંહને સમજાવી પોતાને ઘેર લઇ ગયા બપોરે જમવામાં લાડુ બનાવ્યા તેમાં બે લાડુ ઝેરના બનાવી રૂપસીંહને પીરસ્યા રૂપસીંહ ચાલાક હતો તેણે પોતાની ભેગા પેલા ચારે જણાને જમવાનો

આગ્રહ કર્યો અને એટલી હદ લીધી કે ચારેને ભેગા બેસવું પડ્યું, એકે આચરીને સારા લાડુ મુકીને ઝેરવાળા લાડુ લઇ લીધા. ચોરોનો આ પ્રપંચ ખાલી ગયો પછી તેઓ જમી રહ્યા કેડે રૂપસીંહને શરતો બકવા ઉશ્કેર્યો. રૂપસીંહે તે પણ કબુલ કર્યું શરત એ ઠરી કે બંને તરફથી જે વાત પુછવામાં આવે ને તેનો જવાબ જે નકારમાં આપે તે પાંચ હજાર રૂપીઆ દંડ આપે.

ચોરોએ જે જે વાતો પુછી તે દરેકના જવાબ રૂપસીંહે એવા બંધ બેસતા હકારમાં આપ્યા કે ચોરો ચુપજ થઇ ગયા પછી રૂપસીંહનો વારો આવ્યો ત્યારે તે બોલ્યો.

સ૦—ભાઇઓ તમો ઠગારા છો?

જ૦— ના.

સ૦—તમોએ મારા લાડવામાં ઝેર નાંખ્યું હતું?

જ૦— ના.

રૂપસીંહે આ બે સવાલ પુછ્યા, તે બંનેના જવાબ હકારમાં આપે તો ગુન્હેગાર ઠરે માટે નકારમાંજ આપવા પડ્યા અને તેથી ઠરાવ પ્રમાણે રૂપિયા દશ હજાર રૂપસીંહે લીધા આથી ચોરોને વધારે ગુસ્સો આવ્યો અને રૂપસીંહને કોઇ ફંદામાં ફસાવી મારી નંખાવવો એવો ઠરાવ કીધો. ચારે જણે અંદર અંદર મસલત કરી, તેમાંથી એક જણ બોલ્યો રૂપસીંહભાઇ અમારા દેશના રાજા પાસે અનગળ દોલત છે આજે ત્યાં ખાતર પાડવા જવા અમારો વિચાર છે. તમારે અમારી સાથે આવવું પડશે. રૂપસીંહે કબુલ કર્યું અને પાંચે જણ તૈયાર થઇ નીકળી રાજાના ગામમાં આવ્યા અને મધરાત સુધી ગામના પાધરે સંતાઇ રહ્યા. અને રાત્રે જળ જંપ્યા પછી પાંચે જણ રાજાના મહેલ પાસે ગયા પ્રથમ ચારે ચોરોએ રૂપસીંહને ખબર કાઢવા

મોકલ્યો આ વખતે રાજા નિર્ભયપણે ઉંઘતો હતો રૂપસીંહ, અંદર જઇ બીજે દ્વારથી બહાર આવી પહેરેગીરોને ગુપ્ત પણે ચોર ચોરીની વરધી આપી, તેથી પેહેરેગીરો તેમને પકડવા ગયા તે વખતે તે ત્યાંથી પલાયન કરી ગયો.

સવારે ચારે જણાઓને જેલમાં પુરી દેવામાં આવ્યા, તે રૂપસીંહ અજાણ્યો બની તેમની ખબર પુછવા આવ્યો ચારે જણ, તેની આગળ આજીજી કરી કહેવા લાગ્યા "ભાઇ હવે અમને છોડાવે તો સારૂં, તારા જેવો કોઇ પણ માણસ આજ સુધી અમને મળ્યો નહોતો અમે તારા મોટા આભારી થઇશું" રૂપસીંહે કહ્યું "ભાઇઓ આ કામમાં નાણાંની બહુ જરૂર છે માટે તમો નાણાં આપતા હો તો હું ખટપટ કરૂં, ચારે જણા પુરા ગરજવાન હતા, ચોરોએ પોતે મુકેલાં ધનની નિશાનીથી રૂપસીંહ ઘેર આવ્યો અને ચારે જણાની બાયડીઓ પાસેથી નિશાની પ્રમાણે ધન લઇ ચોરોને છોડાવવા જવાનું કહી ત્યાંથી બારોબાર પોતાના ઘેર જતો રહયો. ચોરો, ગુન્હા બદલ મોટી શિક્ષા ભોગવી ઘેર આવ્યા તો વાળી ચોળીને સર્વ ધન રૂપસિંહ લઇ ગયાની બાયડીઓ પાસેથી ખબર સાંભળી, આથી તેઓએ હાથ ઘસ્યા અને બાકીની જીંદગી દુઃખી અવસ્થામાં પુરી કરી ખરાબ મોતે મુઆ.

સાર.

ચોરોએ ગરીબ વટેમાર્ગુઓનાં ખુન કરી અને લુંટીને એકઠી કરેલી દોલત રૂપસીંહ આવી લઇ ગયો. તેમના હાથમાં તો આખર ધુળની ધુળ રહી. "ચોરીનું ચંડાળે જાય ને પાપી હાથ ઘસતા રહે." એ કહેવત અક્ષરે અક્ષર ખરી છે.

રજની ૧૨ મી.

જુગારનું પરિણામ.

બારમી રાતરે કૃષ્ણલાલે પોતાના બાળકો આગળ આ પ્રમાણે વાર્તા કહેવી શરૂ કરી.

“ મોતીલાલ નામના નગર શેઠના ત્યાં મહાસંકટે ઈશ્વર પ્રતાપે નટવર નામના પુત્રનો જન્મ થયો. નટવરને જુગારની લત લાગવાથી નાનપણમાં ભણવા ગણવાનો વિચાર છોડી જુગારનો મત આગળ ચલાવ્યો, વળી તેણે પોતાની નાતજાત પ્રમાણે ઉંચ વર્ગના દોસ્તો નહિ મેળવતાં નીચ વર્ગના જુગારી છોકરાઓ સાથે મિત્રાચારી બાંધી, અને તે પોતાનો અમુલ્ય વખત જુગારખાનામાં ગુમાવવા લાગ્યો.

જુગાર, એ એક જાતની ખરાબ લત છે ને એ લતમાં સપડાએલા આજસુધીમાં ઘણા માણસો પોતાનું સુખ તજી ભીખારીની હાલતમાં આવેલા તમે જોયા છે ને જુવો છો. જુગારની રીત એવી હોય છે કે જુગાર ખેલનારને પ્રથમ ખુશીની ખાતર સારા પૈસાની આવક થાય છે. પણ જુગારીનું મન એટલેથી શાન્ત ન રહેતાં “ અતિ લોભ તે પાપનું મુળ ” એ કેહેવત પ્રમાણે ઝાઝું દ્રવ્ય મેળવવાના હેતુથી પોતાના ગાંઠના પણ દામ ખોઇ બેસે છે ને છેવટે પોતાના કુટુંબના ઘરેણા ગાંઠાનો અંત આણે છે.

તેમ નટવર પણ પ્રથમ તો જુગારમાં ખુબ કમાયો ને તે વગર મેહેનતે દ્રવ્ય એકઠું કરેલું જોઈ ઘણો ખુશી થયો.

એક બે અઠવાડીયામાં તો નટવરલાલે મોટા પૈસાનો સંગ્રહ કર્યો. પણ એટલાથી પોતાના મનને સંતોષ ન રાખતાં વિશેષ પૈસો મેળવવાની લાલચે પોતાના જુગારી મિત્રોની દોસ્તી તજી નહિ.

હવે તેની પાસેથી જુગારમાંથી સંગ્રહ કરેલો પૈસો ધીરે ધીરે જુગારમાંજ જવા લાગ્યો. ને છેવટે પોતાના ઘરના દામ ન પહોંચ્યા ત્યારે તેણે ચોરી કરીને દામ મેળવવા, એવો વીચાર કરી એક સાહુકારનું ઘર ફાડયું.

જ્યારે નટવર સાહુકારના ઘરમાં દાખલ થયો ત્યારે ઘરનાં માણસો જાગી ઉઠયાં અને દીવો કરી નટવરલાલને પકડ્યો. સાહુકારે નટવરને ખુબ માર મારી સીપાઇને સ્વાધીન કર્યો. સીપાઇ અવળે હાથે બાંધી પોતાના નાયક પાસે લઇ ગયો. નાયકે દશ પંદર શેરનાં ઘરેણાં પગે પહેરાવી વગર બાડાની ઓરડીમાં રહેવાને સુચવ્યું. નટવરે મુંગા મુંગા ઓરડીમાં દાખલ થઇ તે રાત કહાડી. બાદ સવાર થતાં નટવરને ખડખડતાં (હાથેને પગે કડલાં સાથે માજીસ્ટ્રેટ પાસે લઇ જવામાં આવ્યો માજીસ્ટ્રેટે તેને સખત મજુરી સાથે એક વરસની કેદની શીક્ષા કરી.

હવે જયારે નટવર રાત્રીના વાળુ વખતે ઘેર ન ગયો ત્યારે તેના માબાપ તથા સગા સંબંધીઓએ ખોળ કરી, ખોળ કરતાં નટવરની બાબત ચોકીમાં મળી, આખા ગામમાં હાહાકાર થઇ ગયો.

હવે નટવરને જયારે કેદખાનામાં લઇ ગયા ત્યારે તેને કામ સોંપવામાં આવ્યું. ઘણું સખત કામ નટવરથી ન થાય તેથી કેદખાનાનો ઉપરી તેને રીબાવી રીબાવીને માર મારતો. આવા કઠણ વખતના જોરાથી નટવર પશ્ચાતાપ કરવા લાગ્યો ને ઇશ્વર ઉપર આધાર રાખી તેણે બાર માસ

જેલમાં ગાળ્યા જેલમાંથી છુટકારો થતી વખતે નટવરને સરકાર તરફથી માનમાં બંને હાથમાં પાંચ પાંચ ચમચમતી સોટીનો હસ્લો આપ્યો.

હવે નટવરની આંખ ઉઘડી પોતાના બાપની જે દોલત જુગારમાં ઉડાવી દીધી હતી તેનો ઘણો પશ્ચાતાપ થવા લાગ્યો તેને જુગાર માટે સજા થઇ તેથી પોતાના દુર્ગુણી મિત્રનો ત્યાગ કરી પોતાના બાપની બાકીની રહેલી પુંજીથી વેપાર ચલાવ્યો ને થોડા દીવસમાં તે વેપારથી ઘણો સુખી થયો.

આ ઉપરથી હું તમોને કહું છું કે જે માણસ જુગારના છંદમાં છલકાઇ જાય છે તે બુદ્ધિહીણ થાય છે વળી જે માણસ જુગાર રમી પૈસા મેળવવાની આશા રાખે છે તે નિષ્ફળ થાય છે ને ગાંઠની મુડી ગુમાવે છે. જુવો કે જુગારમાં પાંડવો જેવા પ્રતાપી પુરૂષો પોતાની સ્ત્રી દ્રૌપતી હાર્યા ને રાંન રખડતા થયા. રાજા નળે પોતાનું રાજયાસન ખોયું છે તેથી મહામહેનતે વડીલોએ એકઠી કરેલી પુંજી એક ક્ષણમાં ધુળધાણી થઇ જાય છે. જુગારથી દારૂ, ગાંજો, અફીણ, અને વ્યભીચાર ઈત્યાદી દુરવ્યસનની ટેવ પડે છે અને જુગારથી પડેલી ખરાબ ટેવ તેનાથી કદી પણ તજાતી નથી ને છેવટે તેવોને તેવો જગકર્તાને શરણે જાય છે.

સાર.

જુગાર એ ધંધો નથી પણ એક જાતની ઘણીજ ખરાબ લત છે. તેનો માર્ગ ગ્રાહ્ય કરનાર કોઇ મનુષ્ય સુખી થયું નથી માટે દરેકે તેનાથી દુર રહેવું જોઇએ.

રજની ૧૩ મી.

ખરી ઉદારતા

પુરવે હાતમતાઇ નામે ઘણો નામાંકિત બાદશાહ થઇ ગયો તે મોટી મોટી સખાવતોના લીધે અત્યારે પણ હયાત જેવો છે. ઇરાનના બાદશાહને હાતમની સખાવત ઉપર અદેખાઇ ઉપજી તેથી તે મોટું લશકર લઇને હાતમને સજા કરવા ચડયો. આ વાત હાતમના કાને પહોંચી. હાતમ પાસે પણ બહોળું લશકર હતું પરંતુ તેને વિચાર ઉપજયો કે, " મારા એક જીવ માટે લડાઇ કરીશ તો બંને પક્ષના હજારો માણસો લડાઇમાં માર્યા જશે અને તે સઘળા પાપનો હું નાહક ભોગી થઇશ માટે હું તે ચાહતો નથી " એમ વિચાર કરીને ગુપચુપ જંગલમાં નાસી ગયો અને એક ઘટાદાર ઝાડીમાં ભરાઇ બેઠો હાતમને નાશી ગયો જાણી બાદશાહે તેની મીલકત લુંટી લીધી અને જાહેર કર્યું કે હાતમને પકડી લાવી સોંપનારને એકહજાર મોહોરો આપવામાં આવશે આવું જાહેરનામું કાઢયું.

એવું બન્યુ કે જે જંગલમાં હાતમ સંતાઇ ગયો છે ત્યાં એક વઘ્ઘ કઠીયારો અને તેની સ્ત્રી લાકડાં લેવા આવ્યાં લાકડાં કાપતાં કાપતાં સ્ત્રી બોલી " કદી હાતમ આપણા હાથમાં આવી જાય. તો કેવી મજા પડે ? પછી તો આપણી આખી જીંદગીમાં લાકડાની આ ખટખટ જતી રહે અને આનંદમાં દહાડા પુરા કરીએ " પોતાની સ્ત્રીનું આવું બોલવું સાંભળી કઠીયારાને ગુસ્સો ચઢયો ને તે બોલ્યો આજ તને શું થયું છે કે આવા ખોટા વિચાર કરે છે તને હરામનું ખાવાની ઇચ્છા કરતાં શરમ નથી

આવતી ? હાતમ પકડાવવો તો ક્યાં છે પણ ધાર કે કદી પકડાય તો પણ શું હું તેને પાદશાહને સોંપું ? કદી નહિ મારે આજ પછી આવા ખોટા વીચાર કદી કરવા નહિ આપણને પ્રભુ જે ટુકડો આપી રહ્યો છે તે સંતુષ્ટ છે.

ધણી ધણીઆણીનો સંવાદ હાતમે પુરેપુરો સાંભળ્યો તે આશ્ચર્ય ચકિત થયો તેને દયા ઉપજી તેથી તરત તેઓની સમક્ષ આવી ઉભો અને બોલ્યો હે નિમકહલાલ ડોસા હું હાતમ તમારી આગળ રજુ થયો છું મને બાદશાહ પાસે લઈ ચાલો અને જાહેર થએલું ઇનામ લ્યો કઠીયારો હાતમને જોતાંજ શરમીંદો થઇ ગયો તે હાથ જોડી બોલ્યો ઉદાર દિલના હાતમ અમારી કસુર માફ કરજો ને મારાથી અગર મારી સ્ત્રીથી ગેરવ્યાજબી આપના સંબંધમાં બોલાયું હોય તેની ક્ષમા માગું છું અમો આપના ચાકર છીએ અમારી જાતથી આપને દુશમનને સોંપીશું નહિ. કદી પેટ નહિ ભરાય તો ફોડી નાંખીશું પણ એ કૃત્ય અમારાથી થશે નહિ. ઇનામની લાલચે ઘણા માણસો આપને પકડવા ફરે છે માટે આપ અહીંથી સત્વર કોઈ નિરભય જગાએ ચાલ્યા જાઓ. હાતમે કહ્યું મારે ફકત બાદશાહ આગળ જવું છે બીજે ક્યાંઇ જવું નથી માટે ત્યાં લઇ ચાલો જો એમ નહિ કરશો તો હું મારી જાતથી ત્યાં હાજર થઇશ અને તમારૂં નામ લઇશ છેવટે લાચાર થઇ સ્ત્રીને લાકડાં સાથે ઘર તરફ રવાના કરી કઠીયારો હાતમને લઇ દરબાર તરફ ચાલ્યા જતાં બીજા પકડવા નીકળેલા લોકોના ભેટા થયો. તેઓએ હાતમને કઠીઆરા પાસેથી ઝુટવી લીધો અને બાદશાહ આગળ હાજર કર્યો. કઠીયારો પણ ગયો હાતમને કોને પકડ્યો એવો બાદશાહે સવાલ પુછતાં એક જણુ બોલી ઉઠયો મારા સિવાય બીજો

કોણ પકડી લાવે? ઘણે દુરથી મહા મહેનતે હું પકડી લાવ્યો છું કે બીજો બોલ્યો અનદાતા આ માણસ જુઠું બોલે છે હાતમ સીરીયા તરફ નાસી જતો હતો ત્યાંથી હું પકડી લાવ્યો છું માટે ઇનામ મને મળવું જોઇએ. એટલામાં ત્રીજો શખસ બોલી ઉઠયો કે આ બંને ઇનામની ખાતર કેવું હડહડતું જુઠું બોલે છે? તેમને મરણનો પણ ભય નથી કેટલાક દહાડાથી હું જંપ કરીને બેઠો નથી અને આજે હાતમને આપ નામદાર હજુર લાવી રજુ કરયો ત્યારે ઇનામ લેવા લોકો ઉભા થાય છે.''

વળી બીજા બે માણસોએ હાતમને પોતે પકડી લાવ્યાની બીના રજુ કરી આથી કોણ પકડી લાવ્યા અને કોને ઇનામ આપવું તે નિર્ણય થઇ શકયો નહીં. હાતમ ઉભો ઉભો સર્વે જુબાનીઓ સાંભળતો હતો તે આગળ આવ્યો ને બાદશાહ પ્રત્યે બોલ્યો નામવર પાદશાહ ઇનામનો ખરો હકદાર આ કઠીઆરો છે મને તેજ પકડી લાવ્યો છે અને આ બધા જુઠા તરકટી ને ગપોડું છે. પાદશાહે કઠીઆરાને પુછતાં તેણે અથથી ઇતિ સુધી સર્વે હકીકત નિવેદન કરી. હાતમનું આવું પરમ પરોપકારી કૃત્ય જોઇ પાદશાહનું દીલ પીગળી ગયું. એકદમ કેદ મુક્ત કરી તેને ભેટી પડયો અને તેની લીધેલી સર્વે માલમીલકત પાછી સોંપી બોલ્યો "હાતમ આજથી તમે મહારા મીત્ર છો, દુનીઆમાં તમારા જેવા ઉદાર અને પરોપકારી મનુષ્ય બાગ્યેજ હશે.

સાર.

પરોપકાર એ મનુષ્ય માત્રનું ખરૂં ભુશણ છે. જીંદગી સ્વપ્ના તુલ્ય છે માટે દરેક મનુષ્યે દયાનો અંશ હૃદયમાંથી ખસવા દેવો નહીં જોઇએ.

દયા ધર્મકા મુળ હૈ, પાપ મુળ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.

રજની ૧૪ મી

આજનું કામ કાલ ઉપર કદી રાખવું નહિ.

ચઉદમી રાતે કબ્જુલાલે વારતા આ પ્રમાણે કહેવી શરૂ કરી " એક દીવસ નિરપુરનો રહેનાર મનોરદાસ નામનો પાટીદાર કાંમ કામ સરૂ રજનગર ગયો હતો. રસ્તે જતાં એક વકીલના મકાન ઉપર પાટીઉ લટકાવેલું દીઠયું. તે ઉપર લખેલું હતું કે " અહીંઆં સલાહ વેચાતી આપવામાં આવે છે " મનોરદાશનું દીલ તે લેવા લલચાયુ તેણે જઈને પાંચ રૂપીઆની સલાહ માગી. વકીલે એક કાગલના કુટકા ઉપર લખી આપ્યું કે " આજનું કામ કાલ ઉપર કદી રાખવું નહીં " તે લઈ મનોરદાશ ઘેર આવ્યો. થોડાક મહીનામાં ચોમાસાની મોસમ આવી પહોંચી તે પ્રસંગે એક સહાંજે વગડામાં ફરવા નીકળયો અને ફરતો ફરતો ખેતરમાં ખબર કહાડવા ગયો. આ વખતે બનરની કાપણીથી પરવારી મજુરો એક ઝાડ તળે બેસી તડાકા મારતા હતા એમાંથી એક જણુ બોલ્યો મનોરદાશ ભાઇ આજે પુળા બાંધીને તઇયાર કરી નાખ્યા છે હવે કાલે ઘાસ ને દાણા સરવે ઘરે લઇ જઇશું. મનોરદાશે પુછયું "આજે અત્યારે કેમ નથી લઇ જતા ? એક મજુરે જવાબ આપ્યો, આપણા પાડોશી ઇશ્વરદાશભાઇ પુળા બાંધી કાલના પરવારી ગયા છે તેમ છતાં સરવ ઘાસદાણો હજુ ખેતરમાંજ પડયો છે તે પણ આવતી કાલે લઇ જનાર છે માટે તેમની સાથે કાલે લઇ જઇશું. મનોરદાશે કહ્યુ કાલનું કાંઇ સાદુ કરયુ નથી અને ઇશ્વરદાશનો આપણે વાદ કરવાનો નથી માટે ઘાસ તથા દણો સરવ આજજ

ઘર ભેગો કરી નાખો. પોતાના માલીકની આજ્ઞાનુ કોઇથી ઉલંઘન થઇ શકયુ નહી સરવ મજુરોએ હાથોહાથ રાત પડતાં પહેલાં સઘળો માલ ઘરે લાવી નાખ્યો.

હવે એવું બન્યુ કે તેજ રાત્રે અગાઆર વાગ્યા પછી વાદળ ચહડી આવી વદસાદ વરસતો શરૂ થયો. અને એવો મંડયો કે જોતજોતામાં પાણીનાં વાંઘાં ચાલવા મંડયા અને ખેતર પાધર સરવ જળાજળ થઇ રહયાં ઇશ્વરદાશ અને તેના માણસોએ તે વખતે દોડાદોડી કરી પણ કાંઇ વળ્યુ નહીં તેઓ ખેતરમાં જઇ પહોચે તે પહેલાં સઘળું ઘાસ પલળી ગયું અને દાણો તણાઇ ગયો અને ઘણું નુકશાન થયુ. મનોરદાશે આખી રાત બેફીકરાઇથી ઊંઘ લીધી; સવારમાં ઉઠયા પછી મજુરોને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું જુઓ તમારી મરજી પ્રમાણે કાલે ન લાવ્યા હોત તો આજે આપણને પણ ઇશ્વરદાશના જેવું નુકશાન થયા વિના રહેત નહીં માટે જે કામ આજે કરવાનું હેય તે આજજ કરવું અને હમણા કરવાનું હોય તે હમણાજ કરવું કદી વાયદા ઉપર મુકવું નહી આ શીખામણ તમો તમારા હૃદયમા ખાસ કોતરી રાખજો.

સાર.

કોઇપણ કામ મુલતવી રાખવાથી ઘણી વખતે મોટું નુકશાન થઇ જાય છે. વખત અમુલ્ય છે. તે ગયા પછી ફરી હાથ આવતો નથી વિદ્વાનોએ તેને એવા જનાવરની ઉપમાં આપી છે કે તેને આગળ ચોટી છે અને પછવાડે બાંડો છે એટલે તે હાથમાંથી છટકી ગયા પછી ફરી હાથ આવવો મુશકેલ છે માટે વખતનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ.

રજની ૧૫ મી.

અક્કલની નકલ.

ફગ્ગુલાલે પંદરમી રાતે આ પ્રમાણે વારતા કહેવા માડી.

એક હીરાચંદ કરીને વગીક વેપારી હતો, તેને ત્યાં આશરે વીસએક નોકર હતા. શેઠ ઘણો સમજુ હતો તેથી નોકરો પણ તેવા પોતાની પારખનાજ રાખ્યા હતા. મરકીના કારણને ધાધે તે શેઠની સ્ત્રી મરણ પામી હતી તેથી તેણે બાજી સ્ત્રી કરી હતી. આને ડાહ્યાચંદ કરીને એક ભાઈ હતો પણ ગુણતો ગાંડાચંદ જેવા હતા, તે કારણથી તે સદા નિરૂદ્યમી રહેતો હતો.

સ્ત્રી દરરોજ પોતાના ભાઈને સારી જગોએ નોકર રખાવવા તેને કહેતી કે તમે લોકોને નોકર રાખો છો અને મારા ભાઈને કેમ નથી રાખતા? પેલો મુનીમ આપણી નાત પણ નથી, અને જાત પણ નથી, તે કરતાં શું મારો ભાઈ જાય તેમ છે? આથી કરીને હીરાચંદે પોતાની સ્ત્રીને કહ્યુ કે તારા ભાઈમાં પેઢાના એક ગુમાસ્તા જેવી આવડ નથી તો મુનીમનુ કામ તો શી રીતે બજાવી શકવાનો હતો? શેઠના આવા વાકયો સુણી સ્ત્રી હઠ કરતી ને શેઠને પજવતી. હીરાચંદે વિચાર્યુ કે જ્યાં સુધી હું મારા શાળાને નોકર નહીં રાખુ ત્યા સુધી સ્ત્રી મને જંપવા દેશે નહીં એમ સમજીને તેણે મુનીમને સઘળી બીનાથી વાકેફ કર્યો અને ચહડતા પગારે થોડા દહાડાની રજા આપી અને પોતાના શાળાને મુનીમની જગા આપી.

શેઠ એક વખત પોતાની સ્ત્રી સંઘાથે બેઠા હતા તે વખતે ડાહ્યાચંદને બોલાવીને કહ્યું કે આજે બજારમાં શું શું નવો માલ આવ્યો છે તેની ચોક્કસ તપાસ કરી આવો. ડાહ્યાચંદ મુનીમ તપાસ કરી આવ્યો અને કહ્યુ કે બજારમાં વીસ ગાડલાં પરદેશથી આવ્યાં છે.

શેઠ—ઠીક બહુ સારૂ.

ગાડલાં ક્યાંથી આવ્યાં છે ને ક્યાં જવાના છે તે સરવ વાત પુછી જોઇ?

મુનીમે જવાબ આપ્યો ના. પુછી, આવું?

એમ કહાને પુછી આવ્યો અને કહ્યું કે ગાડલા વીરપુરથી આવ્યાં છે તેમાં પંદર ગાડલાં અહીંના છે ને પાંચ બહારગામ જવાનાં છે.

શેઠે પૂછ્યુ પંદર ગાડલામાં દાણા ભર્યા છે કે બીજુ કાંઇ ભર્યું છે?

મુનીમે કહ્યું આપે તો ફકત મને ગાડલાની ખબર કાઢવા મોકલ્યા હતો.

શેઠે કહ્યુ ત્યારે જાઓ ફરીને બીજી વાર ખબર કાઢી આવો.

મુનીમે આવીને કહ્યુ પંદર ગાડલામાં દસ ઘઉંના છે અને બાકી બીજા પાંચમા સાંગલીના રવા (ગોળ) છે.

શેઠે પુછ્યું તે ગાડલાં કોઇ વછીઆતના છે કે અહીના વેપારીના છે?

મુનીમે જવાબ દીધો તેની મને ખબર નથી હું ફરી પુછી આવું.

શેઠે કહ્યું જાઓ ફરીને તપાસ કરી આવો.

આ પ્રમાણે શેઠે મુનીમને બરાબર વીસ, પચીસ પ્રશ્ન પુછ્યા. અને બાચારા મુનીમને પણ પ્રશ્ને પ્રશ્ને

ટાંપા ખાવા પડયા. પછી શેઠે જુના મુનીમને તેડાવ્યો અને કહ્યું "આજે બજારમાં કાંઇ માલ આવ્યો છે તેની ખબર કાઢી આવો."

મુનીમે તરતજ શેઠના હુકમને માન આપ્યું અને ખબર લઇ આવ્યો. શેઠજી આજે બજારમાં વીરપુરથી પંદર ગાડાં નેમચંદ નામના વણીક તરફથી આવ્યાં છે તેમાંથી દસ ગાડાં દાણાનાં અહીંના વેપારી મોહનદાસનાં છે અને બાકીનાં પાંચ ગોળનાં છે તે અહીંથી સંખલપુર જવાના છે.

શેઠે કહ્યું " ઠીક ગાલ્લામાં શા દાણા છે તે તમે કાંઇ જાણો છો ? "

મુનીમે કહ્યું "હા, ગાલ્લામાં વાજીયા ઘઉં ભરેલા છે."

શેઠે કહ્યું" બહુ સારૂં જાઓ."

એમ કહીને મુનીમને શેઠે રજા આપી. મુનીમો સાથે થએલી સઘળી વાતચીત પાસે બેઠેલી શેઠાણીએ બરોબર સાંભળી હતી. બન્ને મુનીમોને રજા આપી દીધા પછી પોતાની સ્ત્રી પ્રત્યે કહ્યું " જો સાંભળ તું તારા ભાઇના વખાણ કરતી હતી પણ તારા ભાઇમાં અને મુનીમમાં કાંઈ ફેર છેકે ? "

શેઠાણી બોલી, ઠીક ઠીક, તમારે મારા ભાઇને રાખવોજ નથી એટલે તમે આવાં બહાનાંજ ખોળતા ફરો છો હજુ તો મારો ભાઇ હમણાંજ દાખલ થયો છે ને ?

હવે પછી આવી કોઇ દહાડો ભુલ થાય તો મને કહેજો. "

" હશે ત્યારે.

એમ કહી શેઠે તે વાતને ટુંકી કરી. પછી શેઠાણીએ તેના ભાઇને એક ખુણે લઇ જઇને ઠપકો આપ્યો ને કહ્યું સાંભળ હવે પછી સર્વ વાત ઉપર ધ્યાન આપજે.

ડાહ્યાચંદે કહ્યું ઠીક, હવે મને કાંઇ કહેવું નહીં પડે. આ વાતને કેટલાક દહાડા થયા એવામાં જોગ જોગે શેઠ માંદા

પડ્યા તે વખતે શેઠાણીએ ડાહ્યાચંદને વૈદને બોલાવવા મોકલ્યો; ડાહ્યાચંદે વિચાર કરયો કે શેઠ માંદા છે ને કદાપી મરી જાય, માટે લાવ સંગાથેથીજ સગાંને પણ હું ખબર કરતો જાઉં એમ વિચારી શેઠના મરણની ખબર સર્વના ઘેર કરતો ગયો ને વૈદને બોલાવી ઘેર ગયો શેઠના મરણની ખબર સાંભળીને સર્વ સગાં વહાલાં ધશી આવ્યાં અને થોડા વખતમાં આખું ઘર ભરાઇ ગયું આ જોઇ શેઠાણી ગભરાઇ ગઇ તથા શેઠ પણ બાવરા બની ગયા શેઠાણીએ પુછ્યું. અલ્યા ડાહ્યા આ તેં શું કર્યું ?

ડાહ્યો બોલ્યો બેન એ તો હું વૈદને તેડવા ગયો ત્યારે વિચાર કરયો કે શેઠ માંદા છે તે કદી મરી જશે તો મને ફેરો પડશે માટે લાવ સંગાથેથી મરણની પણ ખબર કરતો જાઉં આ વાત સાંભળી શેઠાણી તેના ઉપર ગુસ્સે થઇ ગઇ ને તેને કાઢી મુકયો.

શેઠે કહ્યું સાંભળ, તેં મારૂં કહ્યું નહીં માન્યું તેથી આખરે તારે પસ્તાવું પડ્યું તારા ભાઇ જેવો કોઇ ડાહ્યો છે કે ? આતો તે દીવસે આપેલી અક્કલની નક્કલ કરી. તે પછી કોઇ દહાડો શેઠાણીએ તેના ભાઇને નોકરીમાં રાખવાની હઠ કરી નહીં.

સાર.

દરેક કાર્ય કરવામાં ચોકસ વિચાર કરવો. ડાહ્યાચંદની માફક ભણેલા પણ ગણેલા નહીં એવા ઘણા માણસો મળી આવે છે અને એ લોકો કોઇ પ્રસંગે પોતાની સાથે વિદ્યાને પણ વગોવે છે. માટે વિદ્યા ભણવાની સાથે બીજા સંસારિક અનુભવો લેવા જોઈએ જો તે પ્રમાણે વિદ્યાધ્યયન કરવામાં આવે તો ખચીત તેની ઉજવળતા દીપી નીકળ્યા વિના રહે નહિ.

" ભણજો વિદ્યા ભાવથી, સમજી સારા સાર;
કીર્તિ વધશે જગ વિષે, કાસમ એજ વિચાર '

થોડાંક રત્નો

બીજે દીવસે રવિવાર હતો. કૃષ્ણુલાલ બપોરે જમી પરવારી ઓરડામાં બેઠા તે વખતે એક પછી એક સર્વ બાળકો ત્યાં ભરાયાં અને કંઇક વાર્તા સાંભળવાની ઉત્કંઠા-એ તેમના મ્હોં સામું જોઇ રહ્યાં. કૃષ્ણુલાલ તેમની વૃત્તિ સમજી ગયા, તે બોલ્યા. મ્હારાં વહાલાં બાલુડાં તમારી વૃત્તિ હું સમજ્યો છું. તમે યાદ રાખજો કે દરેક ચીજ તેના વખતેજ સારી લાગે છે. વાર્તા પણ રાતે નિરાંતે બેઠા હોઇએ તે વખતે કહેતાં શાવે અને રસ પૂરીત માલુમ પડે છે; મારે અત્યારે કાર્ય પ્રસંગ બહાર જવાનું છે તેમ છતાં અડધી કલાક બેસીશ. તમો તમારી નોટો કહાડો અને હું તમને જે થોડાંક વાક્યો લખાવું તે લખી લ્યો; અને જો તેનું હંમેશાં મનન કરી તે પ્રમાણે વર્તન રાખશો તો મને ખાતરી છે કે તમો સુખી થશો. વડીલની આજ્ઞા થતાં સર્વ જણાં નોટ અને પેનસીલ લઇ બેઠાં અને કૃષ્ણુલાલના મુખમાંથી ઉચ્ચરતા શબ્દો ટપોટપ નોંધી લેવા મંડયાં.

૧ પ્રભાતે ઉઠી નિત્ય કર્મથી પરવારી પાઠ કરવા બેસવું. કેમકે તે વખતે જલદી તૈયાર થાયછે.

૨ શાળામાં જવામાં મોડું કરવું નહિ. કારણ કે વખત ઘણો કીમતી છે અને ગયા પછી ફરી હાથ આવતો નથી.

૩ જગતમાં બે વાનાં શ્રેષ્ઠ છે. માન અને દ્રવ્ય. વિદ્યા વિના તે પ્રાપ્ત થતાં નથી. માટે તે અર્થે વિદ્યા અવશ્ય ભણવી.

૪ વિદ્યા આપનાર, પોષણ કરનાર, અને ભય મુક્ત કરનારનું જીંદગી પર્યંત શ્રેય ઇચ્છવું.

૫ દરેક કાર્ય ધીમું પણ પાકું કરવું. કેમકે ઉતાવળથી કરેલું કાર્ય ઘણી વખત બગડે છે.

૬ દુર્જનની દોસ્તી નહિ કરવી. કેમકે સર્પના દાંતમાં ઝેર છે, મક્ષિકાઓના માથામાં ઝેર છે, વીંછીની પુંછડીમાં ઝેર છે, પરંતુ દુર્જનના આખા શરીરમાં ઝેર છે.

૭ પ્રમાણીક રહેવું. પ્રમાણીક માણસનો સદાય વીજય થાય છે.

૮ પરોપકારી થવું. કેમકે પરોપકાર જેવું બીજું પૂન્ય નથી અને પરપીડા જેવું બીજૂં પાપ નથી.

૯ ધીરજવાન થવુ કારણ કે ધીરજ ઝાડ કડવું છે પણ તેનાં ફળ અમૃતસરીખાં છે.

૧૦ કોઇની લાગણી દુઃખાય તેવું બોલવું નહિ. કેમકે સર્વ જાતના ઘા રૂઝી શકે છે પણ વચનના ઘા કદી રૂઝાતા નથી.

૧૧ દયાળુ રહેવું. કેમકે ધર્મનું મુળ દયા છે અને પાપનું મુળ અભિમાન છે.

૧૨ સદાય અંતઃકરણ શુદ્ધ રાખવું. દીલના મેલા મનુષ્યોનું કદી શ્રેય નથી.

૧૩ સોબત, સદગુણીનીજ કરવી. કેમકે સોબત તેવી અસર આવ્યા વિના રહેતી નથી.

૧૪ રાત્રે વહેલા સૂઇ રહેવું. અને સવારે વહેલા ઉઠવું તેથી બુદ્ધી વધે છે.

૧૫ સત્યજ વદવું કેમકે સત્ય દરેક સદગુણનું અને અસત્ય (જુઠું) દરેક દુર્ગુણનું નિશાન છે.